ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૫ || અંકઃ ૯ || સપ્ટેમ્બર ૨૦૨૩ || સળંગ અંક : ૬૨૩

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

Charutar Vidya Mandal's

# HIGHER SECONDARY EDUCATION COMPLEX

## (SCIENCE STREAM)

VALLABH VIDYANAGAR




## SALIENT FEATURES :

- Largest higher Secondary education complex in Gujarat Providing education in both English & Gujarati medium.
- Equipped with 30 classrooms & 6 Science laboratories.
- Facility for star batch.
- Need based teaching for weak learners.
- Constant evaluation.


**Rajratna P. T. Patel Science College Building**
School Reg. No.: 14/2779 (Dt. 16/12/1975), School Index No.: 21.003
Post Box No. 27, Mota Bazar, Nr. Post Office,
**Vallabh Vidyanagar-388 120,** Ta. & Dist. Anand.
Tele Fax : 02692 - 230760, Mo.: 7383230760
E-mail : principalcvmhsecss@yahoo.com | Website : www.cvmrptp.com


(વધુ વિગતો પાન નં.૨૬ ઉપર)




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

સપ્ટેમ્બર-૨૦૨૩
વર્ષ : ૨૫ અંક : ૯
સળંગ અંક : ૬૨૩

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ
**સંપાદન-સહાય**
વિજય સુથાર ● હરીશ પારેખ
**પ્રકાશક**
ડૉ. એસ.જી.પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

કર્મણ્યેવાધિકારસ્તે

| પ્રમુખ | ઉપપ્રમુખ |
|---|---|
| શ્રી પ્રયાસ્વીનભાઇ બી. પટેલ | શ્રી મનીષભાઇ એસ.પટેલ |
| **અધ્યક્ષ** | **માનદ્ મંત્રી** |
| શ્રી ભીખુભાઇ બી. પટેલ | ડૉ.એસ.જી.પટેલ |

માનદ્ સહમંત્રીઓ
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી    શ્રી વિશાલ એચ.પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યુ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ ઍકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ●ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર www-vvidyanagar.in પર મૂકવામાં આવે છે. દેશ વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

સાધુ કિ સંગત પાઈ રે,
જા કી પૂર્ણ કમાઈ રે સાધુ.
સાધુ કિ સંગત સતગુરુ કી સેવા
બનત બનત બનિ આઈ રે સાધુ.
સુમિરે નામા ઔર કબીરા
તીસરા મુક્તાબાઈ રે સાધુ.
**– મીરાં**


|| પ્રાથમ્ય || વિચાર કણિકાઓ ........................૩
**સંકલન : એસ. જી. પટેલ**

|| વિદ્યાનગરના સારસ્વતો || ...........................૫
વિદ્યાનગરનો ઉપકાર
**ફાધર વાલેસ**

|| આપણો વૈભવ અને વારસો || ....................૮
**પદ્ય-વિભાગ : કબીર, નરસિંહ, મીરાં**

|| નવાં કાવ્યો || .........................................૯
**ઉમેશ જોષી, સુધીર પટેલ,**
**ગિરા પિનાકીન ભટ્ટ, વૈભવ પારિખ**

|| આપણો વૈભવ અને વારસો || ....................૧૦
ગદ્ય-વિભાગ : આ બધું એમનેમ બન્યું હશે ?
**વિનોબા ભાવે**

|| લઘુકથા || તેરે નામ - હે રામ ..................૧૧
**નટવર આહલપરા**

|| વાર્તા || વિઝિટિંગ કાર્ડ ............................૧૨
**મનીષા રાઠોડ**

|| ચરિત્ર લેખ ||
સમાજસુધારક : જ્યોતિબા ફુલે .........................૧૫
**રઘુ પટેલ**

|| આસ્વાદ || લાગણી વરસી પડે વરસાદમાં.......૧૮
**અલ્પેશ કળસરિયા**

|| સાંપ્રત માહિતી || જી-૨૦ દેશોની બેઠકોના લોગો વિશેની રસપ્રદ માહિતી....................................૨૦
**ભાનુ એમ. પરમાર**

|| કારકિર્દી વિશેષ || અગ્નિવીર ભાગ-૧ ................૨૨
**ભૌતિક એન. પટેલ**

|| જ્ઞાન-વિજ્ઞાન વિશેષ ||
ચંદામામા બસ એક ટુર (Tour) કે...........................૨૫
**ઉર્વીશ છાયા**

|| સંસ્થા પરિચય || CVM Higher Secondary Education Complex (Science Stream), V.V.Nagar............................................26
**Vijaybhai H Dhandhalya**

|| વિદ્યાવૃત્ત ||........૪, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૭




ISSN 0976-9609

**।। પ્રાથમ્ય ।।**

## વિચાર કણિકાઓ

**સંકલન : એસ.જી.પટેલ**

પાણીને ગમે તેટલું ઉકાળો,
બળીને વરાળ થઈ જશે
પણ કયારેય ઉભરાશે નહિ.
આ વાત ખાનદાનીને પણ લાગુ પડે છે.

હું જે કંઈ બોલું તેને માટે હું જવાબદાર છું.
પણ તમે જે સમજો છો તેને માટે નહીં.

જે વ્યક્તિ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે માણસ આ જિંદગીના મંચ પરનો સૌથી ઉત્તમ કલાકાર છે.

વિશ્વાસ હશે તો મૌન પણ સમજાશે,
વિશ્વાસ નહીં હોય તો શબ્દોમાં પણ ગેરસમજ થશે.

સ્નેહનો વરસાદ ત્યાં જ પડે,
જ્યાં લાગણીના વાદળ હોય,
હ્દયનું પર્યાવરણ ત્યાં જ ખીલે
જ્યાં મનની માટી ભીંજાવા તૈયાર હોય.

દરેક નિર્ણય વ્યક્તિનો નથી હોતો,
અમુક નિર્ણય પરિસ્થિતિનો પણ હોય.

જે જોઈતું તે મેળવી લીધું એટલે 'સફળતા'
જે છે, જેટલું છે એની કદર હોવી એટલે 'સુખ'
હવે વધારાનું બીજું કાંઈ જ જોઈતું નથી એટલે 'શાંતિ'

ગણતરીના એવા સંબંધો હોય છે
જેમાં કોઈ ગણતરી હોતી નથી.

જીવનમાં વાંચવાની આદત હંમેશાં રાખજો સાહેબ.
પછી એ પુસ્તક હોય કે આંખો હોય કે
પછી કોઈનું મન.

સંબંધોમાં મધુરતા લાવવા, ટકાવવા
બીજાને સંભળાવો ઓછું, બીજાને સાંભળો વધુ
અને એના કરતાં પણ બીજાને સમજો વધુ
બીજાની ભૂલ થવી એ પાર્ટ ઓફ લાઈફ છે.
અને તે ભૂલને ભૂલી જવી તે આર્ટ ઓફ લાઈફ છે.

દરેક વખતે મનને મનાવવું તે જિંદગી જીવી કહેવાય
કયારેક મનનું પણ માનવું તે જિંદગી માણી કહેવાય.

મનને સંબંધ તોડવામાં રસ છે.
જ્યારે અંતઃકરણને સંબંધ જોડવામાં રસ છે.
જ્યારે સંબંધોમાં સંઘર્ષ ઊભો થાય ત્યારે
સમાધાન વૃત્તિ લાવવા માટે બે સૂત્રો યાદ રાખવા
પહેલું : મૌન રહેવું બીજું : મન પર ન લેવું.

ઝેરનો હિસાબ જરાક વિચિત્ર છે
મરવું હોય તો જરાક જ પીવું પડે અને
જીવવું હોય તો અપાર પીવું પડે.

સમયની સાથે તો બધા સંબંધ નિભાવે
પણ મીઠાશ તો ત્યારે આવે જ્યારે
સમય બદલાય પણ સંબંધ ના બદલાય

ખોટું લાગી જાય એવું સત્ય જરૂર બોલજો,
પણ સત્ય લાગે એવું ખોટું કયારેય ના બોલતા.

સાદગી એ ઉત્તમ સુંદરતા છે.
ક્ષમા એ ઉત્તમ બળ છે,
નમ્રતા એ ઉત્તમ તક છે,
મિત્રતા એ ઉત્તમ સંબંધ છે.

જગતમાં પ્રત્યેકને પૂરતા પ્રમાણમાં કોઈ વસ્તુ મળી હોય તે બુદ્ધિ છે. કારણ કે પોતાનામાં ઓછી છે એવી ફરિયાદ કોઈ કરતું નથી.

સંબંધોમાં આનંદ ત્યાં જ હોય જ્યાં,
ભૂલોને ભૂલી જવાની સમજણ હોય.

માણસને લોકો ઓળખે એ ગમે,
પણ ઓળખી જાય એ ન ગમે.

અતિશય ભીના ન થવું કે લોકો નીચોવી દે, અતિશય કોરા પણ ન થવું કે લોકો ગડી વાળીને મૂકી દે.થોડા અળવીતરા રહેવું કે લોકોને સમજ ન પડે કે આને તડકે રખાય કે છાંયડે.

ખોટા ખર્ચા જીવનની રીત બગાડે છે અને
ખોટી ચર્ચા સંબંધની પ્રીત બગાડે છે.

વહેવાર એ ઘરનો કળશ કહેવાય,
માણસાઈ એ ઘરની તિજોરી કહેવાય
મીઠી વાણી એ ઘરનું ધન કહેવાય,
પૈસો ઘરનો મહેમાન કહેવાય.
વ્યવસ્થા એ ઘરની શોભા કહેવાય,
સમાધાન એ ઘરનું સુખ કહેવાય.

---

માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ,
વલ્લભ વિદ્યાનગર, ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail:sgpatel1948@gmail.com

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**આઈસ્ટાર કોલેજ ખાતે લાઈફ સ્કીલ ટ્રેઇનિંગ પ્રોગ્રામ યોજાયો** : ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજ ખાતે તા. ૧૬ થી ૧૮ ઓગસ્ટ દરમ્યાન સીવીએમયુ ટ્રેઇનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ અને વડોદરાની એનજીઓ રૂબીકોનના સહયોગથી વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય લાઈફ સ્કીલ ટ્રેઇનિંગ પ્રોગ્રામ યોજાયો હતો. આ પ્રોગ્રામમાં રૂબીકોનના ટ્રેઈનર્સ રિદ્ધેશ શુક્લ, મેઘના ગોસ્વામી, સુચિત્રા દીક્ષિત અને સોનલ રાજ્યગુરૂ દ્વારા વિદ્યાર્થીઓને કમ્યુનિકેશન સ્કીલ, પ્રેઝન્ટેશન સ્કીલ, પબ્લિક સ્પિકીંગ, રાઇટિંગ સ્કીલ, ઇન્ટરવ્યૂ પ્રિપેરેશન વિગેરે જેવા કારકિર્દીલક્ષી વિષયો વિશે સઘન અને વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમલક્ષી કાર્યક્રમમાં તમામ વિભાગોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને વિવિધ અભ્યાસકેન્દ્રી પ્રવૃત્તિઓ કરી હતી. આ કાર્યક્રમના કોઓર્ડિનેટર શ્રી રૂપેશ શાહ અને સમગ્ર સ્ટાફમિત્રોએ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડો.મહેન્દ્રસિંહ રાજ અને કોલેજ સંયોજક ડો. જીગર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવીને કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો.

**એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યુટમાં ઓનલાઈન વાલી મિટિંગનું આયોજન કરાયું:** એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રિસર્ચ બી.એડ. (ઈંગ્લીશ) માં સંસ્થાના આચાર્ય ડૉ. મયુર પરમારના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન વાલી મિટિંગનું આયોજન તા. ૧૧/૦૮/૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું. મિટિંગમાં કુલ ૮૬ વાલીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ મિટિંગમાં બંને વર્ષના વિદ્યાર્થીઓના વાલીઓ જોડાયા હતા

વાલી મિટિંગની શરૂઆત શ્લોકગાનથી કરવામાં આવી હતી. ત્યારબાદ વાલીઓનું શાબ્દિક સ્વાગત અને પ્રારંભિક ઉદ્દબોધન સંસ્થાના આચાર્યશ્રી ડૉ.મયુર પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થા ખાતે થતી અભ્યાસિક પ્રવૃતિઓની માહિતી મિસ.મેઘા પટેલ દ્વારા આપવામાં આવી હતી. તેમજ સહ-અભ્યાસિક પ્રવૃતિઓની માહિતી ડૉ.મૌનસ ઠાકર દ્વારા આપવામાં આવી હતી. વિવિધ ક્લબોની માહિતી ડૉ.રજનીકાંત ડોડીયા દ્વારા અપાય હતી. વાલીઓના પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવ્યા હતા અને તેમને તેમના સૂચનો આપવા માટે પણ વિનંતી કરાય હતી. વાલીઓ દ્વારા સંસ્થાની કામગીરીને બિરદાવવામાં આવી હતી અને સંસ્થાને જયારે જરૂર પડશે ત્યારે વાલીઓ સંસ્થાની સાથે રહેશે એવી ખાતરી પણ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આભાર વિધિ ડૉ. રોહિત બગથરીયા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર મિટિંગનું આયોજન અને સંચાલન મિસ. મેઘા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.


ISSN 0976-9609

## ।। વિદ્યાનગરના સારસ્વતો ।।

## વિદ્યાનગરનો ઉપકાર

**ફાધર વાલેસ**

ભારતમાં આવીને મારે ગુજરાતમાં કામ કરવાનું રહેશે એ ખબર પડી ત્યારથી મેં ગુજરાતી શીખીને જ આવવાનો સંકલ્પ કર્યો એ વખતે હું મદ્રાસમાં ગણિતની ડીગ્રી માટે અભ્યાસ કરતો હતો. એમાં આખો વ્યવહાર અંગ્રેજીમાં ચાલતો, અને બધા અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ પણ શુદ્ધ અંગ્રેજી બોલતા. ભવિષ્યમાં મારે ગુજરાતમાં આવીને કોલેજમાં ગણિત ભણાવવાનું હતું, અને કોલેજમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી બનશે એની કલ્પના પણ એ કાળે નહોતી. માટે મારું આખું કાર્ય અંગ્રેજીમાં જ ચાલશે એમ હું એ વખતે માનતો હતો, તો પણ મેં એ પણ જોયું કે એ મદ્રાસના વિદ્યાર્થીઓ અંગ્રેજી સારી રીતે જાણતા હોવા છતાં વર્ગમાંથી બહાર આવે કે તરત આખોય વ્યવહાર પોતાની મધુર તામિલ ભાષામાં કરે. એટલે મને થયું કે, ગુજરાતમાં પણ ગણિત તો ભલે અંગ્રેજીમાં ભણાવીશું, પણ કેળવણીનું જે સાચું કામ વ્યક્તિગત સંપર્ક અને માર્ગદર્શન અને મિત્રતા દ્વારા થાય એ માટે માતૃભાષા જ જોઈએ અને ત્યારથી મેં દૃઢ નિશ્ચય કર્યો કે ગુજરાતમાં જઈશ તો ગુજરાતી શીખીને જ જઈશ. એ નિર્ણય લેવાની પ્રેરણા આપવા, અને ત્યારપછી એનો અમલ કરવા માટે પણ શક્તિ આપવા બદલ મેં પ્રભુનો ઘણીવાર આભાર માન્યો છે.

ભાષાઓ શીખવાનો મને ઠીક અનુભવ હતો. નાનપણથી એ સંસ્કારો હતા. છોકરાઓ નાની ઉંમરે ભાષાઓનો અભ્યાસ શરૂ કરે એ મારા પિતાશ્રીનો આગ્રહ તો હતો, એટલે હું પાંચ વર્ષનો થયો ત્યારે સ્પેનના અમારા શહેરમાં ચાલતી એક જર્મન શાળામાં મને મૂક્યો, અને ઘેર એક શિક્ષિકાને બોલાવીને ફ્રેંચની શરૂઆત પણ કરાવી. એ દીર્ઘદૃષ્ટિ એ વખતે તો ઓછા પિતાઓને હોય. એ રીતે ભાષાઓ માટે મારામાં પ્રેમ અને રસ હતાં જ પણ આ નવી ભાષા શીખવામાં હવે જુદો પડકાર હતો. એક તો ઉંમર તો ઠીક વધી હતી. ભાષાઓ જેમ વહેલી શિખાય તેમ સહેલી પડે, અને અમુક ઉંમર પછી નવી ભાષા બરાબર શીખી ન શકાય એ હકીકત છે. બીજી બધી ભાષાઓ હું નાનપણમાં શીખ્યો હતો, પણ ગુજરાતીની પહેલી બાળપોથી મારા હાથમાં આવી ત્યારે મારુ, ઓગણત્રીસમું વર્ષ ચાલતું હતું. ને હજી બીજી મુશ્કેલી ભાષાના જુદાપણાની હતી. યુરોપની ભાષાઓ તો જુદી જુદી, પણ એકબીજીને મળતી આવે. ઘણા શબ્દો સરખા નીવડે, અને લિપિ પણ સરખી હોય; જ્યારે ગુજરાતી ભાષા તો સાવ જુદી, ભાગ્યે જ કોઈ પરિચિત શબ્દ કે ધાતુ આવે, અને લિપિ પણ એવી આગવી કે એક અક્ષર પણ ન ઉકેલાય. દિવસો સુધી એક એક અક્ષર ઓળખીને, જુદો પાડીને, ભૂલો કરીને, ધીરજની કસોટી કરીને વાંચવું પડતું-એ તો હજી યાદ છે.

મારી શીખવાની રીત લખતા રહેવાની હોય છે. (ફક્ત ભાષામાં નહિ, કોઈપણ વિષયમાં). એટલે એક બાજુ વ્યાકરણ અને શબ્દકોશ રાખું અને બીજી બાજુ કાગળ અને પેન રાખું અને વાંચવાનું, લખવાનું, ભૂલો કરવાની, તાળો મેળવવાનો, છેકી નાખવાનું, ફાડી લેવાનું અને ફરીથી શરૂ કરવાનું-એવો કાર્યક્રમ ચાલે. એ રીતે હું ઠીક પાયાના સિદ્ધાંતો અને નિયમો શીખ્યો અને શબ્દોનો અને રૂઢિપ્રયોગોનો પરિચય કેળવવા લાગ્યો. પણ ભાષા તો બોલવાની જ ચીજ છે, એટલે એ જીભ ઉપર આવે ત્યારે જ ખરી. અને બોલવા માટે બીજાઓનો સહકાર જોઈએ અને યોગ્ય વાતાવરણ જોઈએ એની શોધમાં હું વલ્લભ વિદ્યાનગર ગયો.

મારો વિચાર સરળ હતો. એક વર્ષ સુધી હોસ્ટેલમાં રૂમ લઈને વિદ્યાર્થીઓની વચ્ચે રહેવુ, આખું જીવન એમની સાથે અને એમની જેમ ગાળવું, અને કોલેજમાં ગુજરાતીના વર્ગોમાં હાજર રહીને શીખતા રહેવું. કોઈ ડીગ્રી લેવાની વાત નહોતી, અને વિશેષ અભ્યાસ કરવાનો પણ વિચાર નહોતો. ફક્ત પરિચય, રોજનો મહાવરો, અને ચારેબાજુ ફેલાયેલ ગુજરાતીનું શુદ્ધ વાતાવરણ જોઈતાં હતાં. એ યોજના લઈને હું નમ્રભાવે અને કોઈની

ઓળખાણ લીધા વગર વલ્લભવિદ્યાનગર ગયો. એમાં શ્રી ભાઈકાકાને મળવાની સૂચના મળી એટલે હું, એમને આંબાની નીચે મળવા ગયો. એ વખતે હું ગુજરાતીમાં બોલી શકતો નહોતો. એટલે અંગ્રેજીમાં બોલવું પડ્યું. એમણે તરત મારી યોજના વધાવી અને પૂરી સગવડ કરી આપી. સામાન્ય વિદ્યાર્થીની જેમ ફી ભરીને વિદ્યાનગરના શિક્ષણ અને વાતાવરણ અને બધી સુવિધાઓનો બને તેટલો લાભ લેવાની મને છૂટ હતી. એમનો આભાર માનીને હું એ સુંદર તકનો પૂરો ઉપયોગ કરવા તૈયાર થયો.

જૂનમાં કોલેજ ખૂલી ત્યારે બીજા વિદ્યાર્થીઓની જેમ હું હોસ્ટેલમાં રહેવા ગયો. શરૂઆતમાં સંકોચ ઠીક નડ્યો. વિદ્યાર્થી મારી તરફ સ્વાભાવિક કુતૂહલથી જોતા 'આ કોણ ?' પણ મારી પાસે આવવાનું કોઈ સાહસ કરતો નહોતો. હું કોઈને ઓળખતો નહોતો. ગુજરાતીમાં બહુ થોડું અને ભાંગ્યું તૂટ્યું જ બોલી શકતો (અને હોસ્ટેલમાં પહેલેથી જ એક પણ અંગ્રેજી શબ્દ ન બોલવાની મારી પ્રતિજ્ઞા હતી.) એટલે પહેલા સંપર્કો કષ્ટમય બન્યા. જમવા માટે ક્યાં જવાનું હતું એ કોઈને પૂછ્યું. એ મને પોતાની સાથે મેસમાં લઈ ગયો. જમ્યા. પાટલે બેસીને જમવાનો એ મારો પહેલો પ્રસંગ હતો અને મારા પગ લાંબા, ને પાટલો નાનો એટલે સારી એવી યોગસાધના કરવી પડી. જમ્યા પછી ચાર-પાંચ છોકરાઓ સાથે ફરવા જતા. એમની જોડે હું ગયો. તેઓ ખુલ્લા મેદાન ઉપર બેઠા. એમની સાથે હું બેઠો. કલાકેક સુધી એમની વાતચીત ચાલી હશે, ને આખા કલાકમાં એમનો એક પણ શબ્દ હું સમજી શક્યો નહિ. મારું મૂંગું અસ્તિત્વ એમણે શાંતિથી સહન કર્યું. પછી ઊઠ્યા અને ગયા. હું પણ મારી રૂમમાં ગયો. કામ ગમે તેમ પણ ચાલુ તો થઈ ચૂક્યું હતું.

કોલેજમાં ગુજરાતીના વર્ગો શરૂ થયા તે હું નિયમિત ભરવા લાગ્યો. એકમાં મુનશીની "પાટણની પ્રભુતા" અને બીજામાં રમણલાલ વસંતલાલ દેસાઈની "કોકિલા" એ નવલકથાઓ ચાલતી. ઘણો રસ પડ્યો. તે સિવાય ગુજરાતી સાહિત્યના ઈતિહાસ અને વિવેચનના વર્ગોમાં હું જતો. ધીરે ધીરે કાન કેળવાઈ જતાં, વધુને વધુ સમજ પડતી જતી. બોલવામાં હજી કષ્ટ હતું અને લખવાનો મારો નિત્ય યજ્ઞ તો ચાલુ જ હતો. ગુજરાતી વિભાગના વડા શ્રી જશભાઈ પટેલ હતા એમની પાસે મારું લખેલું લઈને હું જતો અને તેઓ એ ધ્યાનથી સુધારતા ને મારી ભાષાકીય ગૂંચ ઉકેલી આપતા. એમના માર્ગદર્શનથી મને ખૂબ લાભ મળ્યો.

વિદ્યાર્થીઓની સાથે પણ હું વધારે ફરતો થયો. જમવાની મેસમાં વિદ્યાર્થીઓની એક કલબ શરૂ થઈ હતી. એમાં હું જોડાયો. જમવાનું ગમે તેવું આપતા. (અને હિસાબ ગમે તેવો રાખતા) પણ કલબને નિમિત્તે મળવાનું થતું અને ચર્ચાઓમાં ભાગ લેવાનો હતો એ ફાયદો હતો. કોલેજની ચૂંટણીઓ પણ થઈ, અને એ પ્રસંગે સંપર્કો વધ્યા, બધા ઉમેદવારો મતની ઉઘરાણીએ મળવા આવ્યા, વાતચીતનો એક સરળ વિષય મળ્યો. તે દરમિયાન મારા વિશેનાં વિદ્યાર્થીઓનાં કુતૂહલ અને વહેમ શમી ગયાં હતાં. અને હું ફક્ત ગુજરાતી ભાષા શીખવા આવ્યો હતો અની ખાતરી થઈ ત્યારે બધા મદદ કરવા તૈયાર થયા. કોઈ મને રૂઢિપ્રયોગનો અર્થ સમજાવે. કોઈ એક કહેવત કહે, કોઈ પત્રો શરૂ કરવાની અને પૂરા કરવાની રીત બતાવે, કોઈ શબ્દકોશમાં ન મળે એવી ગાળનો મર્મ સમજાવે....હોસ્ટેલમાં હવે જેટલા વિદ્યાર્થીઓ હતા એટલા મારા શિક્ષકો થયા એમ કહું તોય ચાલે. જમવા માટે મારા સમય સાથે એક વિદ્યાર્થીના સમયનો મેળ ખાતો. એ મને હવે રોજ જવા બોલાવતો એ સગવડ મળી. એ અમીન હતો, એટલે છોકરાઓને તરત એનું નામ ગોરો અમીન પાડ્યું. એની પાસેથી હું ઘણું શીખ્યો.

એ રીતે, બોલવાનું, સાંભળવાનું, વાંચવાનું અને લખવાનું સાથે ચાલતું. હોસ્ટેલમાં પણ મારા સમયનો મોટો ભાગ લખવામાં જ જતો. વાતાવરણની હવે મદદ અને હૂંફ મળતા હતાં, પણ એમાં લખવાની મૂળ મજૂરી તો ચાલુ જ હતી. બોલવાની કે વાંચવાની લાલચમાં જો કલમ ભુલાય તો નુકસાન થાય એ હું જાણતો હતો, એટલે રોજ સવારે સૌથી પ્રથમ હું ત્રણ કલાક સુધી લખતો, અને પછી જ બીજાં કામો કરતો. મને અનુભવ હતો કે જો લખવાનું કામ


ISSN 0976-9609

સૌથી પહેલું ન કરીએ તો એ કોઈને કોઈ બહાને પાછળ ઠેલાતું જાય અને છેવટે ભુલાઈ જાય એટલે એ આગ્રહ પૂરો રહેતો અને મેં એ નિયમનો ભંગ કર્યો હોય એવો દિવસ મારી યાદમાં નથી.

આખા વર્ષમાં મેં બીજું કોઈ કામ ન કર્યું. ભાષાનો એકધારો અભ્યાસ લુખ્ખો હોય છે, માટે વચ્ચે જો બીજી પ્રવૃત્તિઓ આવવા દઈએ તો એ અભ્યાસ દબાઈ જશે. એનું પૂરું જોખમ છે. ગણિતમાં મને અત્યંત રસ છે. અને એ વર્ષે તો હું મદ્રાસથી ગણિતનો ખાસ્સો અભ્યાસ કરીને આવ્યો હતો એટલે વૃત્તિ તેજ હતી; તોય વલ્લભ વિદ્યાનગરના મારા એ આખા વર્ષ દરમિયાન મેં ગણિતનો એક અક્ષર પણ વાંચ્યો નહિ. કોઈકવાર હોસ્ટેલના વિદ્યાર્થીઓએ મને ગણિતનો દાખલો પૂછ્યો હોય અને મેં ગણી આપ્યો હોય, એટલું જ. ભાષા અથવા તો કોઈ પણ વિષય ફાવી જાય ત્યારે જરૂર એ અનુકૂળતા પ્રમાણે લેવાય કે મુકાય, બીજા વિષયોની સાથે ચાલે કે ઠીક સમય સુધી પણ રહેવા દેવાય, પરંતુ એ ભાષા કે એ વિષય શીખતી વખતે શિસ્ત જોઈએ અને એકાગ્રતા જોઈએ. વિદ્યાનગરમાં મને એકાગ્રતાને માટે ઉત્તમ તક મળી.

વર્ષ ખૂબ શાંતિથી પસાર થઈ ગયું. (હડતાળોનો જમાનો હજી શરૂ થયો નહોતો.) પરીક્ષાઓ નજીક આવી. વિદ્યાર્થીઓએ વાર્ષિક તપશ્ચર્યા આદરી. અમારી જમવાની કલબના હિસાબનો ગોટાળો થયો અને ડિપોઝીટ ખોઈને અમારે કોઈ કોન્ટ્રાક્ટરને શરણે જવું પડ્યું. કોલેજ મેગેઝિન માટે લેખો મેળવાયા. એમાં મેં એક લેખ મોકલ્યો (કોર્સમાં “કોકિલા” નવલકથા ચાલી હતી એનું વિવેચન. એ મારો સૌથી પહેલો છાપેલો ગુજરાતી લેખ હતો) એ વખતે મને ક્યાં ખબર હતી કે આગળ ઉપર મારા ઘણા લેખો છપાવાના હતા ! અને જે શાંતિથી હું આવ્યો હતો એ શાંતિથી એક દિવસ મિત્રનો, અધ્યાપકોનો અને મંડળના અધિકારીઓનો આભાર માનીને મેં વિદ્યાનગરની વિદાય લીધી.

આજે પાછળ જોતાં સ્પષ્ટ દેખાય છે કે એ વર્ષે મારા જીવનની દિશા બદલી આપી. જો હું વિદ્યાનગરમાં ગયો ન હોત તો મારા જીવનમાં ફક્ત ગણિત જ આવત. (એ વિકલ્પને હું ખોટો નથી કહેતો, પણ જુદું જ જીવન થાત) પરંતુ ગણિતની સાથે ભાષા આવી એટલે આત્મીયતા આવી, હૂંફ આવી, સંપર્ક આવ્યો-હા, ગુજરાતીમાં જ ગણિત ભણાવવાનો લહાવો પણ આવ્યો, અને છેવટે લેખો અને પુસ્તકો લખવાનો ધંધો પણ આવ્યો.

ભાષાનું દાન મને વિદ્યાનગરે આપ્યું. એ ઉપકાર હું કદી નહિ ભૂલું.

---

(ચારુતર વિદ્યામંડળ દ્વારા પ્રકાશિત સુવર્ણજયંતી ગ્રંથમાંથી સાભાર)

---

## ।। વિદ્યાવૃત્ત ।।

**સીવીએમ હોમ સાયન્સમાં ડેમોસ્ટ્રેશન યોજયું :** ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયર સેકન્ડરી, હોમ સાયન્સમાં તારીખ ૨૧-૮-૨૦૨૩, સોમવારના રોજ ઈન્સ્ટિટ્યૂશનલ હાઉસ કીપિંગ ગ્રુપમાં ઈન્ટિરિયર ડેકોરેશનના વિષય અંતર્ગત પ્રો.કલ્પનાબેન શ્રીવાસ્તવ એફ.આર.એમ ડિપાર્ટમેન્ટ, કોલેજ આફ હોમ સાયન્સ દ્વારા ફૂલોની ગોઠવણીના પ્રકાર જેમાં ફૂલોને લાંબા સમય સુધી સાચવવાની રીત, ટેકનિકનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રીમતી નયના શર્માએ આચાર્યા શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

**સીવીએમ હાયર સેકન્ડરી, હોમ સાયન્સમાં ગેસ્ટ લેકચર :** ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયર સેકન્ડરી, હોમ સાયન્સમાં તારીખ ૨૧-૮-૨૦૨૩, સોમવારના રોજ ઈન્સ્ટિટ્યૂશનલ હાઉસ કીપિંગ ગ્રુપમાં ઈન્ટિરિયર ડેકોરેશનના વિષય અંતર્ગત પ્રો.કલ્પનાબેન શ્રીવાસ્તવ એફ.આર.એમ ડિપાર્ટમેન્ટ, કોલેજ આફ હોમ સાયન્સનું ગેસ્ટ લેકચર રાખવામાં આવ્યું હતું. જેનો વિષય ફ્લાવર અરેન્જમેન્ટ હતો. તેમના દ્વારા ખૂબ જ રસપ્રદ અને વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રીમતી નયના શર્માએ આચાર્યા શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

## ।। વૈભવ-વારસો પદ્ય વિભાગ ।।

## વોઈ સતગુરુ સંત કહાવે નૈનન અલખ લખા વૈ

**કબીર**

ડોલત ડિગે ન, બોલત બિસરૈ, જબ ઉપદેસ દ્રઢવૈ
પ્રાન પૂજ્ય કિરિયા તેં ન્યારા, સહજ સમાધિ સીખાવૈ

દ્વાર ન રૂંધે, પવન ન રોકે, નહિ અનહત અરુઝાવૈ
યહ મન જાય જહાં જગ જબ હી, પરમાતમ દરસાવૈ

કરમ કરૈ નિહકરમ રહૈ જો, ઐસી જુગત દિખાવે
સદા વિલાસ ત્રાસ નહિ મન મેં, ભોગ મેં જોગ જગાવે

ધરતી ત્યાગી, અકાસહું ત્યાગે, અધર મડૈયા છાવૈ
સુન્ન સિખર કી સાર સિલા પર, આસન અચલ જમાવૈ

ભીતર રહા સો બાહિર દેખે, દૂજા દ્રષ્ટિ ન આવૈ
કહત કબીર બસાવે હંસા, આવાગમન મિટાવૈ.

## શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે પંડિતા પાર નહિ પામે પોથે

**નરસિંહ**

શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે પંડિતા પાર નહિ પામે પોથે
તાંદુલ મેલીને તૂષને વળગી રહ્યો,
ભૂખ નહિ ભાંગે એમ ઠાલે થોથે

રસના સ્વાદમાં, સર્વ રૂંધાઈ રહ્યા, વિગતિ ગુરુજ્ઞાન વિના રે ગૂંથે
વાણી વિલાસમાં, વિવિધ વાણી વડે, પરહરી વસ્ત્રને વળગે ચૂંથે

શબ્દ શીખે ખરો સકલ વિદ્યા ભણે અધ્યાત્મ ઉચરે આવી ઓથે
પ્રપંચ પિંડમાં રહ્યો, અહંકાર નવ ગયો,
આથડ્યો એમ અનંત કોઠે

શાસ્ત્ર કથા કહે રજનીમાં આથડે એમ અજ્ઞાનમાં શીશ ગોઠે
ભણે નરસૈંયો જે, ભેદ જાણી જુઓ, મેં તો રચી કહ્યું પદ ચોથે

## સાધુ કિ સંગત પાઈ રે

**મીરાં**

સાધુ કિ સંગત પાઈ રે,
જા કી પૂર્ણ કમાઈ રે સાધુ.
સાધુ કિ સંગત સતગુરુ કી સેવા
બનત બનત બનિ આઈ રે સાધુ.
સુમિરે નામા ઔર કબીરા
તીસરા મુક્તાબાઈ રે સાધુ.
મીરા કે પ્રભુ ગિરિધર નાગર
જોત મેં જોત મિલાઈ રે સાધુ

## મૈં ગિરિધર કે ઘર જાઉં

**મીરાં**

મૈં ગિરિધર કે ઘર જાઉં
ગિરધર મ્હારો સાચો પ્રીતમ દેખત રૂપ લુભાઊં

રેન પડે તબહીં ઉઠી જાઊં ભોર ભયે ઉઠી આઊં
રેન દિના વાકે સંગિ ખેલૂં
જ્યું ત્યૂં વાહિ રિસાઊં... મૈં.
જો પહિરાવે સોઈ પહિરૂં, જો દે સોઈ ખાઊં
મેરી ઉન કી પ્રીત પુરાની
ઉન બિનિ પલ ન રહાઊં...મેં
જહાં બૈઠાવેં તિતહી બૈઠું, બેચે તો બિક જાઊં
'મીરાં' કે પ્રભુ ગિરધર નાગર,
બારબાર બલિ જાઊં...મેં.

 ISSN 0976-9609

## ।। નવાં કાવ્યો ।।

### એટલે ...

ઉમેશ જોષી

તેં છબી મારી મઢાવી એટલે,
શૈયા છેલ્લી મે, સજાવી એટલે.

કોઈ પણ આવી શકે છે આંગણે,
શ્વાસની મૂડી બચાવી એટલે.

જાય આવી આંસુ જ્યારે આંખમાં,
દેખવા દીવી જલાવી એટલે.

એષણા એમાં ભળેલી હોય છે,
સાંજ સુધીમાં પચાવી એટલે...

તુંય મારા ભાગ્યમાં આવી નહીં
મે ગઝલ અંતે નિભાવી એટલે.

પ, બ્રહ્મેશ્વરનગર, બ્રાહ્મણ સોસાયટી
અમરેલી-૩૬૫૬૦૧, (મો) ૯૮૭૯૫૬૬૫૯૦

### જાદુ ભર્યો જુવાળ

ગિરા પિનાકીન ભટ્ટ

ચાંદામામા ચાંદામામા, ચૂમવા આવ્યાં બાળ.
ભૂમિ તમારી નંદનવન પર,
રમશે સહુ ગોપાળ...

દેશ સકળ આ ધરા ઉપરથી, ટપકાવે છે લાળ.
ત્યારે ત્રિરંગો ગૌરવ સાથે,
ભરતો હરણફાળ ...

જગ આખું અચરજથી જોતું, કો'ની ગળી ન દાળ !
છપ્પન ઈંચની છાતીનો છે, જાદુ ભર્યો જુવાળ ...

જય જય ભારતના ગુણ ગાશે, આભ અને પાતાળ.
સફળ ચંદ્રયાન ત્રણના માથે, દીપે ત્રિરંગી ડાળ...

વેદ-પુરાણો પથરાયાં અહીં, દેતાં અલૌકિક ભાળ.
ઈસરો કેરા ઋષિ-મુનિએ,
પકડી પાડી નાળ...

### જાહોજલાલ થઈ ! (ગઝલ)

સુધીર પટેલ

ગુલમહોરની લીલાશ ખીલી લાલ લાલ થઈ,
મારી ગલી એના હોવાથી માલ માલ થઈ !

ફળિયુ ધરી બેઠુ'તુ' એવું, મૌન કયારનું,
પગરવ થયો કોનો કે ઝીણી બોલચાલ થઈ !

ક્ષિતિજ પર સાંજે ઊપસતાં ચિત્ર જોઈને,
મનમાં સજીવન કલ્પના કેવી કમાલ થઈ !

સમજ્યુ, જગત કે એને હું ભૂલી ગયો છું, પણ
ધરતો રહ્યો છું ધ્યાન એનું બેખયાલ થઈ !

નિ:શબ્દ થૈ એણે કહી'તી જે ગઝલ 'સુધીર',
એ કાગઝી પહેરણ ધરી જાહોજલાલ થઈ !

2624 Jameson Dr. NW, Concord, NC
28027, USA. Email:sudhir12@gmail.com

### जैवी का चंद्रयान

वैभव पारिख

चंद्रयान की खबर ने आज, माहोल खडा किया !!
भारतमाता के बच्चो को, नन्हे गगनयानी बना दिया

"चंद्रामामा दूर के," ये हम सब ने अमी तक है जाना
आज है वो हमारे ईतने पास हमारी जैवी ने ये माना

चंद्रयान के बारे में, उसमे थी, अजब की जिज्ञासा
प्रश्न करती रहती और वीडियो देख करती, वो खुलासा

अपनी कल्पनाओं मे रंग उमंग भरती, वो नन्ही चित्रकार
अपनी खुशी में मस्त होकर, मोडल बनाती वो कलाकार

करोडो बालक मन में, चंद्रयानने बोया, विज्ञान का नया बीज
बन सकती है वो अवकाशयात्री,
बालक मनमें मजबूत हुई नीव
समग्र राष्ट्र पनप रही
अमृतकाल में विकास की जनचेतना
सारे विश्वमें बच्चो सहित
जन जन गुनगुना रहा भारत की गाथा
(जैवी मेरे साले की बिटिया हैं वो पहली कक्षा में पढती है)

**(સૌજન્ય-સોશ્યલ મિડિયા)**

## ।। વૈભવ-વારસો ગદ્ય વિભાગ ।।

## આ બધું એમનેમ બન્યું હશે ?

## વિનોબા ભાવે

એ વાત નિશ્ચિત સમજી લેજો કે વિજ્ઞાન જ્યાં સુધી માતૃભાષામાં લોકો સમક્ષ નહીં મુકાય, ત્યાં સુધી તે વ્યાપકપણે ફેલાઈ શકશે નહીં. આજ સુધી વિજ્ઞાન બધું અંગ્રેજી ચોપડીઓમાં બંધ રહ્યું, તેને લીધે જ તે આપણા દેશમાં બહુ ઓછું ફેલાયું. વિજ્ઞાન તો ખેતીમાં હોઈ શકે, રસોઈમાં હોઈ શકે, સફાઈમાં હોઈ શકે, જીવનના એકએક ક્ષેત્રમાં વિજ્ઞાનની જરૂર છે, પરંતુ અંગ્રેજોના રાજમાં, વિજ્ઞાનના પરિચય માટે અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક હતું, અને અહીંના બહુજન સમાજને અંગ્રેજીનું જ્ઞાન હતું નહીં, તેથી કરોડો લોકોને વિજ્ઞાનનું જ્ઞાન મળી શક્યું નહીં.

અંગ્રેજીમાં વિજ્ઞાનનાં સારાં-સારાં પુસ્તકો છે, તે બધાં આપણી ભાષાઓમાં લાવવાં છે. તો જેમણે પોતે અંગ્રેજીનું જ્ઞાન મેળવ્યું, તેમણે વ્રત લેવું જોઈએ કે, હું મરતાં પહેલાં એક સારા અંગ્રેજી પુસ્તક્નો અનુવાદ મારી માતૃભાષામાં કરીશ; એવો અનુવાદ કર્યા વિના મરવાનો મને અધિકાર નથી.

આજે ઘણાં ક્ષેત્રમાં અંગ્રેજી વિના ચાલતું નથી એમ આપણે જ્યારે કહીઅ છીએ, ત્યારે સાથે સાથે એટલો વિચાર નથી કરતા કે અંગ્રેજીને આવું સ્થાન મળ્યું શી રીતે ? કાંઈ આપોઆપ તો નથી મળી ગયું. તે માટે અંગ્રેજોએ કેટલો બધો પુરુષાર્થ કર્યો છે ! તેને લીધે આજે તો સ્થિતિ એવી છે કે આપણા પોતાના દેશની ભાષાઓ પણ જો આપણે શીખવી હોય, તો તે અંગ્રેજી મારફત જ શીખવી પડે છે ! ધારો કે મારે બાંગ્લા ભાષા શીખવી છે, તો શું હું તેને મરાઠી મારફત કે ગુજરાતી મારફત શીખી શકીશ ? નહીં, કેમ કે મરાઠી ગુજરાતીમાં મને બાંગ્લાકોષ નહીં મળે, તે અંગ્રેજીમાં મળશે, એટલે પછી મારે અંગ્રેજી મારફત જ બાંગ્લા ભાષા શીખવી પડશે.

એવું જ બહારની ભાષાઓ માટે પણ. વચ્ચે હું ચીની ભાષા શીખતો હતો. તો તેને માટે મારી પાસે જે પુસ્તકો આવ્યાં તે અંગ્રેજીનાં જ આવ્યાં. એટલે આજે તો અહીંની ને બહારની ભાષાઓ અંગ્રેજી મારફત જ આપણે શીખી શકીએ એવી પરિસ્થિતિ છે, કેમકે અંગ્રેજી ભાષામાં દરેક ભાષા માટેના કોષ મળી શકે છે.આ કોષ બધા એમનેમ બન્યા હશે ? તેને માટે કેટલી બધી મહેનત એ લોકોએ કરી હશે ! ખૂબ ખૂબ મહેનત કરીને એમણે પોતાની અંગ્રેજી ભાષાને આટલી બધી સંપન્ન બનાવી છે, ત્યારે એમની પાસેથી બોધપાઠ લઈને આપણે પણ ખૂબ મહેનત કરવી જોઈએ અને આપણી ભાષાઓને આ દૃષ્ટિએ પણ સંપન્ન બનાવવી જોઈએ.

- અરધી સદીની વાંચનયાત્રામાંથી સાભાર)

### ।। વિદ્યાવૃત્ત ।।

**આઇસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ ખાતે સ્કિલ ડેવલપમેન્ટ અંગે વક્તવ્ય યોજાયું** : ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવસટીની ઘટક સંસ્થા આઇસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં સ્કિલ ડેવલપમેન્ટ અંગે વક્તવ્ય યોજાયું હતું. જેમાં વિષય નિષ્ણાત તરીકે જી.એચ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, સરદાર પટેલ યુનિવસટી, વલ્લભ વિદ્યાનગર ખાતે કાર્યરત પ્રોફેસર ડો.રાજુભાઇ રાઠોડે વિદ્યાર્થીઓને ડુઇંગ ઇઝ ન્યુ લર્નિંગ સ્કીલ્સ ફોર ફ્યુચર વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ વક્તવ્ય દરમ્યાન તેઓએ જીવનમાં કેવી રીતે કારકિર્દી બનાવવી તેમજ કારકિર્દીમાં અત્યારની વિગતવાર માહિતી આપી હતી. વધુમાં, ડો. રાઠોડે રસાયણશાસ્ત્ર વિષયમાં ઊભરી રહેલી ઉજ્જવળ તકો વિશે અને નવા વિષયો કેવી રીતે શીખવા તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ વક્તવ્યના આયોજન માટે વિદ્યાર્થીઓ પાર્થ પટેલ, ઋત્વી પટેલ તથા અધ્યાપકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના વિભાગીય વડા ડો.રોહિત દવે દ્વારા અધ્યાપકોને અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા તેમજ સ્કિલ ડેવલપમેન્ટનું મહત્ત્વ સમજાવ્યું હતું.આઇસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડો. મહેન્દ્રસિંહ રાજ અને કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા વિદ્યાર્થીઓની કારકિર્દીને ઉપયોગી એવા આ પ્રકારના વક્તવ્યો સંસ્થાના અન્ય વિભાગો દ્વારા પણ આયોજિત થાય તેવું સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું.

॥ લઘુકથા ॥

## તેરે નામ – હે રામ

**નટવર આહલપરા**

દીકરા-વહુ, દીકરાના દીકરા, દીકરીઓ ડ્રોઇંગ રૂમમાં ટી.વી. સામે ગોઠવાઇ ગયાં. જાણે હોમ થીએટર. 'તેરે નામ' ફિલ્મ શરૂ. નાસ્તો, આઇસ્ક્રીમની ઉજાણી.

'મને તો આ હીરો બહુ જ ગમે છે, કેવો હેન્ડસમ લાગે છે !' દીકરી બોલી. દીકરાને હીરોઇન ગમી.

રોમાન્સ, ફાઇટિંગ, થ્રીલિંગ, મ્યુઝિક, સિન-સિનેરીથી ભરપૂર ફિલ્મ સૌ રસપૂર્વક જોઇ રહ્યાં હતાં.

'તેરે નામ' ફિલ્મનો એન્ડ.

બાજુના રૂમમાં સૂતેલા નેવું વર્ષનાં પિતાએ લાંબો નિઃસાસો નાંખ્યોઃ "હે... એ... એ.... રામ...!"

'શ્રી પવનતનય' ૧૦૧, એસ્ટર ફ્લેટસ, શ્યામલ સ્કાય લાઇફ એપા. સામે, આર્યલેન્ડની નજીક, સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ, અંબિકા ટાઉનશીપ, મવડી એરીઆ, નાના મવા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫ (મો) ૯૯૭૪૦ ૦૯૦૪૨

॥ વિદ્યાવૃત્ત ॥

**આઈસ્ટાર કોલેજના પર્યાવરણ અને ઈન્ડસ્ટ્રિયલ હાઈજીન એન્ડ સેફ્ટી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ઔદ્યોગિક એકમની મુલાકાત :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટારના પર્યાવરણ અને ઇન્ડસ્ટ્રિઅલ હાઇજીન એન્ડ સેફ્ટી વિભાગ દ્વારા સંયુક્ત ઉપક્રમે તા. ૯ ઓગસ્ટના રોજ નંદેસરી ઇન્ડસ્ટ્રિઅલ એસોસિએશનના ઔદ્યોગિક એકમો જેવા કે સેન્ટ્રલ એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, લેન્ડફિલ સાઇટ અને ફાર્મસન ફાર્માસ્યુટિકલ કંપની ખાતે એક દિવસીય ઇન્ડસ્ટ્રિઅલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. ધૃતિ પટેલ અને શ્રી બૈજુ વર્ગીસના નેતૃત્વ હેઠળ બંને વિભાગના અનુસ્નાતક કક્ષાના તૃતીય સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વિઝિટ દરમ્યાન નંદેસરી ઇન્ડસ્ટ્રિયલ એસોસિએશનના ચેરમેન બાબુભાઇ પટેલ, મેનેજર મયુર પટેલ, ડો. પ્રશાંત શિલહોરે, પ્લાન્ટ ઇન્ચાર્જ કર્ણ પટેલ તથા ઔદ્યોગિક એકમના સમગ્ર સ્ટાફ મિત્રોએ નંદેસરી ઇન્ડસ્ટ્રિયલ એસોસિએશનના વિવિધ પ્લાન્ટ અને તેની કામગીરી વિશે વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સૌ વિદ્યાર્થીઓએ કંપનીના વિવિધ યુનિટો જેવા કે સેફ્ટી ઇન્ડક્શન, પ્રોસેસિંગ, મેન્ટેનન્સ, ક્વોલિટી ચેકિંગ, ક્વોલિટી એસ્યોરન્સ, હાઇજીન એન્ડ સેફ્ટી, લેન્ડફીલ સાઈટ, એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમ્યાન ડો. ધૃતિ પટેલ અને શ્રી બૈજુ વર્ગીસ દ્વારા વિદ્યાર્થીઓને ઇટીપી પ્લાન્ટના વિવિધ તબક્કાઓ અને તેની કામગીરી વિશે વિદ્યાર્થીઓને ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે ઇટીપી પ્લાન્ટ, હાઇજીન અને સેફ્ટીનું મહત્ત્વ સમજાવ્યું હતું. નંદેસરી ઇન્ડસ્ટ્રિયલ એસોસિએશનના સ્ટાફ દ્વારા પૂરતો સાથ અને સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઇન્ડસ્ટ્રિઅલ વિઝિટના સફળ સંચાલન બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડો.મહેન્દ્રસિંહ રાજ અને કોલેજ સંયોજક ડો. જીગર પટેલે એનઆઈએ અને ફાર્મસન ફાર્માસ્યુટિકલ કંપનીના સંચાલક અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

॥ વાર્તા ॥

## વિઝિટિંગ કાર્ડ

**મનીષા રાઠોડ**

"દીકરા દવા આપજે તો.." પથારીમાં કણસતા લકવાગ્રસ્ત દાદાજીએ દીકરાને આજીજી કરી. તેમનો તમરા જેવો ઝીણો અવાજ પણ દીકરો દૂરથી સાંભળી લેતો.

"લાવ્યો બાપુજી. આજે જ નવી દવા લાવ્યો છું. હજુ બેગમાંથી કાઢી પણ નથી. બે મિનિટ આપો. હું ઝટ લઇ આવું." દીકરો ઉતાવળે દવા શોધવા પોતાના રૂમમાં ગયો. આમતેમ આંખોના ડોળા ઘુમાવ્યા પણ કંઇ મળ્યું નહીં. તેના મનમાં આકાશમાંથી ઉલ્કા પડે એવો ધ્રાસ્કો પડ્યો.

"દવાનો થેલો ક્યાં ગયો? એમાં કંપનીના અગત્યના કાગળો છે. માંડ માંડ મળેલો પગાર અને બાપુજીની દવા પણ.. હે ભગવાન ! હવે હું શું જવાબ આપીશ? મારી નોકરીનું શું થશે?"

"શું થયું બેટા?"

"બાપુજી થેલો ક્યાંય ગુમ થઇ ગયો છે. પણ તમે ચિંતા ન કરો હું દવાની વ્યવસ્થા કરું છું."

ઘરમાં ગરીબીએ કાયમી વસવાટ કર્યો હતો. બાપની લકવાની બીમારી, બે કુંવારી બહેનો અને વૃદ્ધ માતાની ત્રેવડી જવાબદારી નીચે એ બલીની જેમ દટાઇ ગયો હતો. નાની ઉંમરમાં મોટી જવાબદારીનો ભાર તેના ખભા પર હતો પણ તેને અભ્યાસની દોરી પકડી રાખી. દિવસ આખો નોકરીમાં અને અડધી રાત ભણવામાં વિતાવતો.

સાંજને છેડે માંડ માંડ બે છેડા ભેગા થતાં. વિધાતાએ તેના ભાગ્યના પેપરમાં ભયાનક પ્રશ્નો મૂક્યા હતા. જેના જવાબો શોધવામાં જ તેની આખી યુવાની ખર્ચાઇ ગઇ. ક્યારેક આકાશ તરફ નજર માંડીને એ ભગવાનને પૂછી લેતો કે "હે ભગવાન ! તું સમસ્યા આપ, પણ એક પછી એક આપ. મારો ખભો ભાંગી જાય એટલો ભાર ન આપ."

તેના આંસુઓ અને ડૂસકાં માત્ર ભગવાન જ સાંભળી શકતા. એ હસતાં ચહેરાનો માસ્ક પહેરીને એક પછી એક સમસ્યાઓ સામે ઝૂઝતો રહયો ખોવાઇ ગયેલી બેગ સાથે એની નોકરી પણ ખોવાઇ જવાની ધાર પર હતી. બીજા દિવસે નોકરીમાંથી છૂટા થવાની તૈયારી સાથે જ એ ઓફિસ ગયો.

"સાહેબ, મારાથી એક ભૂલ થઇ ગઇ છે."

"શું થયું મારુત ?"

"સાહેબ," એના મોઢામાંથી શબ્દો નીકળે એ પહેલા જ એનો ફોન રણક્યો.

"હેલ્લો," સામે છેડેથી આઇફોનની રિંગ ટોન જેવો મધુર સ્વર સંભળાયો.

"હા."

"તમે મારુત બોલો છો ?"

"હા, આપ કોણ ?"

"હું મારુતિ. આપની બેગ ખોવાઇ છે તે મારી પાસે છે."

"થેન્ક યુ મારુતિ. થેન્ક યુ ગોડ." તેની આંખોમાં હર્ષનાં આંસુ ધસી આવ્યાં.

"તમે દેના બેન્ક પાસે આવીને લઇ જાઓ. હું ત્યાં જ ઊભી છું.?" તેણે ફોન મૂક્યો અને આંસુ લૂછયા.

"સાહેબ, હું હમણાં જ આવ્યો."

તે વાવાઝોડાની ઝડપે ઊડીને મારુતિની સામે પ્રગટ થયો. બંનેની નજર મળી અને સ્મિતની આપલે થઇ. ગુલાબી રંગની ડ્રેસમાં એનું સાદગીસભર સૌંદર્ય આંખોને આંજી દે તેવું હતું. મારુતની આંખો એની સાદગીને સ્પર્શી આવી.

"આ લો તમારી બેગ." તેણે ખંજનવાળું સ્મિત આપીને બેગ પરત કરી.

"થેન્ક યુ સો મચ. પણ તમને મારો નંબર કેવી રીતે મળ્યો ?" જવાબમાં તે ઝરણા જેવું ખળખળ હસવા લાગી. તેની દાડમ જેવી દંતપંક્તિ તેના સૌંદર્યમાં ચાર ચાંદ લગાવી રહી હતી.

"કેમ હસો છો ?"

"હસું નહીં તો શું કરુ? આ બેગમાં વિઝિટિંગ

 ISSN 0976-9609

કાર્ડ પણ હતું."

"અરે હા, એ તો હું ભૂલી જ ગયો."

"કંઇ વાંધો નહીં, એકવાર બેગ ચેક કરી લો. બધું બરાબર છે ને "

"બરાબર જ હશે."

સંજોગોના તાપથી તપતી રેતી જેવા ભળભળતા જીવનમાં પહેલીવાર વરસાદનું એક ટીપું પડ્યું અને ક્ષણવારમાં વરાળ બનીને ઊડી ગયું. તે ઓફિસ પર પાછો આવ્યો અને કામમાં પરોવાયો.

બે ત્રણ દિવસ તો હાઇવે પર દોડતી મારુતિ કારની જેમ સળવળાટ વીતી ગયાં. પણ અચાનક એક દિવસ મોટો બંપ આવ્યો. તેના ફોનના કોલર લિસ્ટમાં મારુતિનો નંબર દેખાયો. તેની આંગળી દોડીને ડાયલના બટન પર અટકી. પણ ફોન કરવાની હિંમત ન થઇ. તેણે ફોન ખિસ્સામાં મૂકીને કામમાં ધ્યાન પરોવ્યું. પણ આજે તેનું મન ડોલ્ફિનની જેમ ઉછાળા મારતું હતું. મુલાકાતના સ્પંદનને પામવા તેનું હૃદય તલસી રહ્યું હતું.

"હાય, તમે તમારુ નામ પણ ન કહ્યું. એ દિવસે વધુ વાત ન થઇ શકી. જો સમય હોય તો..." તેના આશ્ચર્ય વચ્ચે સામેથી મારુતિનો ફોન આવ્યો.

"હું તમને જ યાદ કરતો હતો. તમે મને આટલી મોટી મદદ કરી અને હું સાવ કૃતઘ્ની હું હમણાં જ આવું છું."

દેના બેન્કની પાસે આવેલી નાનકડી રેસ્ટોરાંમાં થયેલી પહેલી મુલાકાત દોસ્તીમાં પરણમી. બંને વચ્ચે કોફીની સોડમ, લાલ ફૂલો, અધૂરા શબ્દો, ભીની ભીની લાગણીઓ અને મૌન ટપકતું રહ્યું. દોસ્તીની દોરી પર સમયનો માંજો ચઢતો રહ્યો. મારુતની સુક્કીભઠ્ઠ જિંદગીમાં મારુતિ હેલી બનીને આવી. તેની સાથે વિતાવેલો સમય મલમ બનીને તેના દુ:ખ-દર્દ હળવા કરી દેતો. ખોવાયેલી બેગ સાથે તેને નવી જિંદગી મળી હતી.

મારુતિ તેની વાતોને ધ્યાનથી સાંભળતી અને શક્ય તેટલી મદદ પણ કરતી. ધીરે ધીરે દોસ્તીની સરહદ પૂરી થઇ અને પ્રેમનો પ્રદેશ શરૂ થયો. મારુતિ મનોમન તેને પરણી ચૂકી હતી. મારુત પણ તેને પોતાની વાગ્દત્તા માની ચૂક્યો હતો. પણ એ સંબંધ પર મહોર લાગે એ પહેલા જ દરિયાનું એક જોરદાર મોજુ તેમને દૂર તાણી ગયું અને ચોપાસ શૂન્યાવકાશ પથરાઇ ગયો.

મારુતિ દેના બેન્કની બહાર કેટલાય દિવસો સુધી તેની રાહ જોતી રહી. મારુતનો ફોન પણ તેની જેમ મૌન થઇ ગયો હતો.

"અચાનક એને શું થયું ? કેમ વાત નથી કરતો? ફોન પણ સ્વિચ ઓફ. એવું તો મેં શું કર્યું ? શું અમારા સંબંધોનું આયુષ્ય ફક્ત એક ઋતુ જેવડું હતું ?"

મારુતિ પોતાના પ્રશ્નો વચ્ચે અટવાતી રહી, અફળાતી રહી અને દિશાવિહીન ભટકતી રહી અને પ્રેમના પ્રથમ પ્રકરણને જ ખગ્રાસ ગ્રહણ લાગી ગયું. મારુત ક્યા ગ્રહમાં ઓગળી ગયો એ કાંઇ જ ન જાણી શકી. પોતાના વર્તમાન સાથે સમાધાન કરીને તે જીવતી રહી. રાતના ગાઢ અંધકારમાં, મધ્યાહ્નના સુનકારમાં અને ઢળતી સાંજની નીરવતામાં એ મારુતના ચહેરાને શોધતી રહી.

મહિનાઓ વીતતા ગયા પણ હજુય તેની આશાની ચિનગારી બુઝાઇ નહોતી. અપેક્ષાઓની રાખ નીચે દટાયેલો એક અંગારો હજુય પ્રજ્વલિત રહ્યો.

એકવાર તેના ફોનને મારુતના અવાજનો સ્પર્શ થયો. મારુતનું નામ વાંચીને તે હરખાઇ ગઇ. તેણે તરત ફોન ઉપાડ્યો. સામે છેડેથી એક જ વાક્ય સંભળાયું.

"તું મને ભૂલી જજે. હું તારી સાથે લગ્ન નહીં કરી શકું."

એકતરફી સંવાદ પછી તરત મારુતે ફોન કાપી નાખ્યો. તેના અવાજમાં કંપન હતું છતાંય તે મક્કમ હતો. મારુતિ કઇ બોલે કે પૂછે એ પહેલા તેણે સંવાદની દોરી કાપી નાખી.

"આઠ મહિના પછી તેણે ફોન કર્યો અને એ પણ આવી રીતે ? શું મારો પ્રેમ આટલો તકલાદી હતો ?"

મારુતિના મનમાં શંકાના વાદળો ઊમટ્યા. તેણે મારુતની તપાસ કરી. તેના ફોન નંબરથી તેના ઘરનું સરનામું શોધ્યું.

બારમી સદીના બારસાખ જેવું જર્જરિત તેનું મકાન હતું. ભૂકંપનો એક જ ઝાટકો તેને ધરાશાયી કરવા

સક્ષમ હતો. તેણે દરવાજો ખખડાવ્યો. અંદરથી એક વૃદ્ધા બહાર આવી.

"મારુતનું ઘર આ જ છે ?"

"હા, તમે કોણ ?"

"હું એની મિત્ર છું. શું હું એને મળી શકું ?"

"હા, અંદર આવો." ઘરના એક ખૂણામાં ગરીબી ડોકાતી હતી. અભાવો વચ્ચે ઊછરેલા એક અતિ ગરીબ યુવાનને તે દિલ દઇ બેઠી હતી. આસપાસનું નિરીક્ષણ કરતી તે મારુતના રૂમમાં પ્રવેશી અને તેને જોતાવેંત સ્તબ્ધ થઇ ગઇ. હવા પણ ક્ષણભર સ્થિર થઇ ગઇ.

ખાટલામાં એક જીવતું, જાગતું, ધબકતું હાડપિંજર પડ્યું હતું. ચહેરાનો રંગ ઊડેલો હતો. આંખોના ડોળા સહેજ જમણી બાજુ વળેલા હતા. હોઠના ખૂણામાંથી પ્રવાહી વહી રહ્યું હતું મારુતની હાલત જોઇને તે ડઘાઇ ગઇ. તેણે દોડીને તેનો હાથ પોતાના હાથમાં લીધો.

"તે મને કહ્યું કેમ નહીં ?"

"એ કેવી રીતે કહે બેટા ? એને લકવો થઇ ગયો છે. છેલ્લા આઠ મહિનાથી સરકારી હોસ્પિટલ પથારીમાં અડધા શરીરે આળોટી રહ્યો છે. બસ ગઇ કાલે જ એ થોડું બોલ્યો. અને સૌથી પહેલા તને ફોન કર્યો. એ ઇચ્છે છે કે તું બીજે પરણી જાય. એ હવે તારા લાયક નથી રહ્યો."

"મારુત, તારો હાથ હું ક્યારેય નહીં છોડું. તે એવું વિચારી પણ કેમ લીધું ?" તેની ઠંડીગાર હથેળીમાં મારુતિએ હૂંફથી વાદળી વરસાવી દીધી. બંનેની આંખોમાં લાગણીના પૂર ધસી આવ્યા.

"આવા નિર્જીવ શરીરે હું તને કોઇ સુખ નહીં આપ શકું. મને ભૂલી જા. તું બીજે પરણી જા" મારુત તેને આજીજી કરતો રહ્યો પણ તે જરાય ડગી નહીં.

"સૂર્ય કદાચ ઊગવાનું ભૂલી જાય, નદી કદાચ વહેવાનું ભૂલી જાય, કોયલ કદાચ ટહુકા કરવાનું ભૂલી જાય, પણ મારુતિ તને ચાહવાનું કદી નહીં ભૂલે. મારી છાતી તારા નામથી જ હાંફી રહી છે."

તે પૂરા મનથી મારુતની સેવામાં પરોવાઇ ગઇ. મારુતનું સ્વાસ્થ્ય તેના જીવનનું લક્ષ્ય બની ગયું. તે ક્યારેક તેની લાકડી બનીને તેને ડગલાં ભરાવતી તો ક્યારેય મા બનીને કોળિયા ભરાવતી. ધીરે ધીરે અમાસનો અંધકાર ઓગળતો રહ્યો. મારુતના નિશ્ચેતન શરીરમાં ચેતના પાછી આવી. તે સ્વસ્થ થતો ગયો.

મારુતિની પ્રાર્થના, સેવા અને પ્રેમના બળે તે વર્ષો પછી સંપૂર્ણપણે સાજો થઇ ગયો. તેણે અધૂરો અભ્યાસ પણ પૂરો કર્યો. માંદગી અને ગરીબીના પૈડાં નીચે તેની યુવાની ચગદાઇ ગઇ હતી. તેની ઉંમર પાંત્રીસ વર્ષને વટાવી ચૂકી હતી. મારુતિ પણ પ્રેમયજ્ઞમાં યુવાનીની આહુતિ આપી ચૂકી હતી. તેના સમર્પણ અને ત્યાગના બળે મારુતના જીવનમાં ફરીથી પૂનમનું અજવાળું આવ્યું.

તેણે ડીગ્રી અને નોકરી મેળવીને મારુતિના પરિવાર પાસે તેનો હાથ માંગ્યો. બંનેના પરિવારોએ રાજીપાના ફૂલ વરસાવ્યાં. પ્રેમના પર્યાય સમાન મારુતિના પગલે તેના આંગણામાં ફરીથી અજવાળુ થયું. કેનવાસ પર છૂટી ગયેલા અધૂરા ચિત્રમાં રંગો પૂરાતા રહ્યા. આગામી જીવન એક નયનરમ્ય ચિત્ર બની ગયું.

પ્રાધ્યાપિકા – મિકેનિકલ એન્જિનિયરીંગ વિભાગ,
એડીઆઈટી કોલેજ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર
(મો) ૯૯૦૪૨૩૭૮૪૭

## ।। વિદ્યાવૃત્ત ।।

### સીવીએમ હોમ સાયન્સમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવણી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ હાયર સેકન્ડરી, હોમ સાયન્સમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગ રૂપે 'મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમ સંદર્ભે સંસ્થાની તમામ વિદ્યાર્થિનીઓ તથા શિક્ષકગણ દ્વારા પંચ-પ્રાણ સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. જેમાં રાષ્ટ્રીય એકતા, દેશનો ભવ્ય વારસો અને ભારતના સ્વપ્નોને સાકાર કરવાની બાબતો મુખ્ય હતી. સમગ્ર કાર્યક્રમ આચાર્ય શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કર્મચારીશ્રી વિનોદભાઈ પરમારે કર્યુ હતું.

 ISSN 0976-9609

॥ ચરિત્ર લેખ ॥

## સમાજસુધારક : જ્યોતિબા ફૂલે

રઘુ પટેલ

જ્યોતિબા ફૂલેનો જન્મ ઇ.સ. ૧૮૨૭ માં થયો હતો. તેમની માતાનું નામ ચીમનાબાઇ અને પિતાનું નામ ગોવિંદરાવ હતું. ગોવિંદરાવ ફૂલોની ખેતી કરતા હતા. આથી તેમની અટક 'ફૂલે' બની ગઇ. પહેલાં તેઓ 'ગોરે' અટકથી ઓળખાતા હતા. તે સતારા જિલ્લાના 'કડગુણ' ગામના નિવાસી હતા. કુલકર્ણી નામના બ્રાહ્મણ પરિવાર સાથે વિવાદ થતાં ગોરે પરિવારે કડગુણ ગામ છોડીને ખાનવાડી ગામમાં વસવાટ કર્યો. જ્યોતિબા ફૂલે નવ માસના હતા ત્યારે તેમની માતાનું કોઇ બીમારીને લીધે અવસાન થયું. પિતા ગોવિંદરાવ ઉપર દુ:ખનો પહાડ તૂટી પડ્યો. એક બાજુ ફૂલોની દુકાનનો વ્યવસાય અને બીજી બાજુ જ્યોતિબા ફૂલેના લાલન-પાલનની સમસ્યા ઊભી થઇ. પરંતુ જ્યોતિબા ફૂલેની માસીની દીકરી સગુણાબાઇએ જ્યોતિબાના ઉછેરની જવાબદારી લઇ લીધી. સગુણાબાઇએ જ્યોતિબા ફૂલેને મા જેવો પ્રેમ આપીને ઉછેર કર્યો.

જ્યોતિબા ફૂલે ભણવામાં હોશિયાર હતાં. મરાઠી ભાષાની સાથે તેમની ગણિત ઉપર સારી પકડ હતી. જ્યોતિબા ફૂલે વધુ અભ્યાસ માટે અંગ્રેજી સ્કૂલમાં જવા ઇચ્છતા હતા. પરંતુ તેમનો મૂળ વ્યવસાય માળી હોવાને લીધે સમગ્ર પરિવાર અંગ્રેજી ભણવાનો વિરોધ કરતો હતો. જ્યોતિબા ફૂલેને બાલ્યાવસ્થાથી જ દેશ પ્રત્યે પ્રેમ ઉભરાતો હતો. વળી તે સમયે બ્રાહ્મણ જાતિના વર્ચસ્વની સામે દલિત અને પીડિતોની દયનીય અવસ્થા જોઇને દુ:ખી થતા હતા. થોમસ પેન રચિત 'મનુષ્ય કે અધિકાર' પુસ્તકનો જ્યોતિબા ફૂલે ઉપર સારો પ્રભાવ પડ્યો. દેશપ્રેમની ભાવના જગાડનાર ગુરુ લહુજીબુઆના શિષ્યોમાં વાસુદેવ જ્યોતિબા ફૂલે પણ સશસ્ત્ર ક્રાંતિકારી તરીકે જોડાયા હતા.

રૂઢીવાદી ધર્મનો આગ્રહ રાખનારા બ્રાહ્મણોનો વિરોધનો જ્યોતિબા ફૂલેને સામનો કરવો પડ્યો. તેઓ વિધવા વિવાહના હિમાયતી હતા. તે સમયે વિધવા સ્ત્રીએ મુંડન કરાવવાની પ્રથા હતી. ગુરુની પુત્રી યમૂ વિવાહ કર્યાને દસ દિવસમાં વિધવા બની હતી, તેની આ ઉંમરે વાળ વિનાનું માથું જોઇ જ્યોતિબા ચોંકી ઊઠ્યા. અને ગુરુની સાથે અંધશ્રધ્ધાનો વિરોધ ઉઠાવ્યો હતો. એકવીસ વર્ષની ઉંમરે જ્યોતિબાએ મહાપુરુષોના ચરિત્રો, તુકારામની ગાથા, એકનાથની ભાગવત, જ્ઞાનેશ્વર રચિત જ્ઞાનેશ્વરી ગીતા, ઉપનિષદ્, પુરાણ વગેરે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. વળી પાશ્ચાત્ય વિવેચકોમાં મિલ, થોમસ પેન, સ્પેંસર વગેરે લેખકોના દાર્શનિક વિચારોનો પણ જ્યોતિબા ઉપર પ્રભાવ પડ્યો હતો. તે સમયે ધર્મ અને જાતિના નામે અત્યાચાર થતો હતો. ઊંચ-નીચના ભેદભાવ, છૂત-અછૂતનો વિચાર સમાજમાં ચારેબાજુ વ્યાપી ગયો હતો. મોટાભાગના લોકોનું જીવન દુ:ખથી ભરેલું હતું. ત્યારે જ્યોતિબા આ સમસ્યાનો હલ કરવા દિવસ-રાત ચિંતન કરતા હતા.

માળીનો વ્યવસાય કરનાર જ્યોતિબા શુદ્ર જાતિના હોવા છતાં તેમને બ્રાહ્મણ મિત્રો પણ હતા. બ્રાહ્મણ મિત્ર સખારામના ભાઇના વિવાહ વખતે નિમંત્રણ મળતાં ગયા ત્યારે તેમને અપમાન સહન કરવાનો પ્રસંગ ઊભો થયો. 'આ ક્યાંથી આવી ગયો, બહાર કાઢો એને' - આ રીતે બૂમો પડવા લાગી. જ્યોતિબાનું શરીર અપમાનથી સળગી ઊઠ્યું. પરંતુ સુખદ પ્રસંગે કોઇ અપ્રિય ઘટના ન બને તેના ડરથી તેઓ ચૂપચાપ પોતાના ઘરે નીકળી ગયા. ઘરે જઇને જ્યોતિબાએ પિતા આગળ સમગ્ર ઘટના વર્ણવી. પિતાને માટે આ કોઇ નવો અનુભવ ન હતો. પિતાએ કહ્યું - 'બેટા, આ લોકો દુષ્ટ છે, તેમનો વિરોધ કરવાનું છોડી દે.' પરંતુ જ્યોતિબા નવી પેઢીની વિચારસરણી ધરાવતા હતા. તેમણે સામાજિક દૂષણોની સામે લડવાનો સંકલ્પ કર્યો. વરયાત્રામાં બનેલી ઘટનાએ જ્યોતિબાના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. તે સમયે સ્ત્રીઓને શિક્ષણ આપવાનું મહત્ત્વ ન હતું. જ્યોતિબાએ પહેલી જાન્યુઆરી, ૧૮૪૮ માં પૂનામાં સ્ત્રીઓના શિક્ષણ માટે પાઠશાળા શરૂ કરી. તાત્યા સાહેબે ભીંડે નામના સજ્જને શાળા માટે પોતાની હવેલી આપી. સાથે દાન પેટે સો રૂપિયા આપ્યા અને દર મહિને પાંચ રૂપિયા આપવાનું વચન પણ આપ્યું. તે સમયે પાંચ રૂપિયાનું પણ બહુ મૂલ્ય હતું. પરંતુ સમસ્યા એ હતી કે કોઇ કન્યાઓ શાળામાં ભણવા તૈયાર ન હતી. જ્યોતિબાએ પ્રથમ છાત્રા તરીકે પોતાની પત્ની સાવિત્રી દેવી ફૂલેનું નામ લખ્યું. ત્યાર પછી જ્યોતિબાએ મિત્રોને એમની દીકરીઓને શાળાએ મોકલવા અનુરોધ કર્યો. પરિણામ સ્વરૂપે છ

છાત્રાઓએ આવવા-જવાનું શરૂ કર્યું. આ છ વિદ્યાર્થીઓમાં ચાર બ્રાહ્મણ પરિવારની, એક ગડરીયા અને એક મરાઠા પરિવારની હતી. શરૂઆતમાં કેટલાક બ્રાહ્મણોએ જ્યોતિબાનો વિરોધ કર્યો. જ્યોતિબાએ તેમને સમજાવ્યા અને સ્ત્રીશિક્ષણના મહત્ત્વની જાણકારી આપી. પછીથી તેઓ પણ છોકરીઓને મોકલવા લાગ્યા. જ્યોતિબાને મદદ કરનારા લોકો ઓછા હતા, પરંતુ તેમનો વિરોધ કરનારા વધુ હતા. તેમણે જ્યોતિબા ઉપર અનેક પ્રકારના આરોપો લગાવ્યા. પરંતુ જ્યોતિબા હિંમત હાર્યા નહિ. ધીમે ધીમે છાત્રાઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો. વિરોધીઓએ જ્યોતિબાના પિતા ગોવિંદરાવને ધમકી આપતાં કહ્યું - 'કાં તો શાળા બંધ કરાવો, નહિ તો જ્યોતિબાને ઘરમાથી બહાર કાઢી મૂકો'. પિતાએ જયોતિબાને વાત કરતાં જ્યોતિબાએ ઘરમાંથી બહાર નીકળી જવાનો સંકલ્પ કર્યો. પત્ની સાવિત્રીબાઇ પણ પતિના એ નિર્ણય સાથે સહમત થઇ. પતિ-પત્ની ઘર છોડી નીકળી ગયા. આજીવિકા માટે ઇમારતો-રસ્તાઓ બાંધવાનો ઠેકો રાખ્યો. સાથે સાથે ભણાવવાનું કામ પણ ચાલુ રાખ્યું. જ્યોતિબા અને સાવિત્રીબાઇની કન્યાકેળવણી પ્રત્યેની લગન જોઇ ઘણા લોકોને પ્રેરણા મળી.

એ સમયે કેટલાક પ્રાચીન વિચારસરણીના રૂઢ લોકો હતા, જેમનો સામનો કરવામાં સાવિત્રીબાઇને બહુ મુશ્કેલી પડી. જ્યારે સાવિત્રીબાઇ શાળામાં ભણાવવા જતી ત્યારે ઘણા લોકો તેની મજાક-મશ્કરી કરતા. અપશબ્દો બોલતા. તેના ઉપર માટી અને ધૂળ ફેંકતા. વિવિધ પ્રકારના આરોપો લગાવતા. લોકોનો આવો વ્યવહાર જોવા છતાં સાવિત્રીબાઇ હિંમત હાર્યા નહિ. તે ત્રણ સાડીઓ રાખતાં. એક ઘરેથી નીકળતાં પહેરવા માટે. રસ્તામાં કેટલાક લોકો દ્વારા ધૂળ-માટી-છાણ ફેંકવાથી સાડી બગડી જતી તેને શાળામાં જઇને બદલી નાખતાં. સમય જતાં જ્યોતિબાએ એક બીજી શાળા શરૂ કરી. ૧૫ મે ૧૯૪૮માં જ્યોતિબાએ પૂનામાં નાના પેઠમાં એક અન્ય શાળા ખોલી. જેમાં છોકરા-છોકરીઓ એક સાથે અભ્યાસ કરી શકતા હતા. ધીરે-ધીરે ચાર વર્ષોમાં જ્યોતિબાએ પૂનામાં અઢાર શાળાઓ ખોલી. એ શાળાઓ એવા વર્ગના લોકો માટે હતી, જેમના માટે સદીઓથી વિદ્યામંદિરના દ્વાર બંધ હતા.

તે સમયે નારીઓ ઉપર વિવિધ પ્રકારના પ્રતિબંધો હતા. વિધવા સ્ત્રીઓ માથાના વાળ રાખી શકતી નહિ, મુંડન કરવામાં આવતું હતું. બીજો વિવાહ કરવાની વાત તો સ્વપનમાં પણ વિચારી શકાતી નહિ. જ્યોતિબાએ વિધવા-વિવાહ કરાવવાનું બીડું ઝડપ્યું. ૮ માર્ચ ૧૮૬૦ ના રોજ ગોખલેબાગમાં એક વિધવાના વિવાહ કરાવ્યા. તેનો ઘણો વિરોધ થયો, પણ જ્યોતિબા વિરોધીઓથી ડર્યા નહિ. તેમણે સિદ્ધ કર્યું કે હિંદુ ધર્મગ્રંથોમાં વિધવાઓના પુનર્વિવાહ ઉપર કોઇ પ્રતિબંધ નથી. તેમણે એક પ્રસૂતિગૃહ અને બાળહત્યા પ્રતિબંધક સંસ્થાની સ્થાપના કરી.

તે સમયે બાળલગ્નની પ્રથા પણ અસ્તિત્વમાં આવી. છોકરી બાળપણમાં મૃત્યુ પામે તો તેની બાલિકા-પત્નીને વિધવા જેવું જીવન પસાર કરવાનું થતું. તેના વાળ કાપી નાખવામાં આવતા. માથામાં મુંડન કરાવવામાં આવતું. જ્યોતિબાએ તેનો વિરોધ કર્યો. તેમણે નગરના નાઇ સમાજના લોકોને એકત્ર કર્યા. અને વિધવાઓના વાળ ન કાપવા માટે સહમત કર્યા. જ્યોતિબા કોઇ એક પુરુષ દ્વારા બે પત્નીઓ રાખવાના વિરોધી હતા. સાવિત્રીબાઇને કોઇ સંતાન ન હતું. સાવિત્રીબાઇએ જ્યોતિબાને બીજી પત્ની માટે સૂચન કર્યું. જેથી વંશવેલો ચાલી શકે. તો પણ જ્યોતિબાએ આ વાત સ્વીકારી નહિ. 'સાર્વજનિક સત્ય ધર્મ' નામના પુસ્તકમાં જ્યોતિબાએ લખ્યું છે કે - 'કોઇ લોભી પુરુષ પોતાની ઇચ્છા પૂર્ણ કરવા બેત્રણ પત્નીઓ રાખે છે. તેના માટે કેટલાક દુરાગ્રહી પુરુષો ધર્મગ્રંથોનો હવાલો આપતા હોય છે. પરંતુ એ જ સંદર્ભે સ્ત્રીઓ પણ પોતાની ઇચ્છાની પૂર્તિ માટે બે-ત્રણ પુરુષો સાથે વિવાહ કરે તો પુરુષોને કેવું લાગશે ? શું આ બાબત તેમને શાસ્ત્રવિરોધી નહિ લાગે ?'

તે સમયે છૂત-અછૂતનું વળગણ વિશેષ પ્રમાણમાં જોવા મળતું હતું. અછૂતો સાર્વજનિક કૂવામાંથી પાણી ભરી શકતા નહિ. જ્યોતિબાએ આ પ્રથાનો વિરોધ કર્યો. તેમણે પોતાના ઘરનો કૂવો બધાને માટે ખોલી દીધો અને જાહેર કર્યું કે અછૂત તરીકે ઓળખાતા લોકો પણ પાણી ભરી શકે છે. પરંતુ તેઓ ભયભીત હતા. જ્યોતિબાએ પોતે તેમની ગાગરો ભરી અને તેમના માથા ઉપર મૂકી. આ રીતે જ્યોતિબા છૂત-અછૂત પ્રથાને દૂર કરવા માગતા હતા.

પિતાનું મૃત્યુ થયા બાદ તેમના શ્રાદ્ધદિવસે જ્યોતિબાએ ધાર્મિક વિધિ કરી નહિ. તેમણે સંબંધીઓને



ISSN 0976-9609

ભોજન માટે બોલાવ્યા નહિ. તેના બદલે ભિખારીઓને ભોજન કરાવ્યું. ગરીબ અને હરિજન વિદ્યાર્થીઓને ફૂટપટ્ટી, પેન્સિલ અને પુસ્તકોની વહેંચણી કરી. ત્યારબાદ પ્રતિવર્ષ શ્રાદ્ધના દિવસે આ પરંપરા ચાલુ રાખી. ઇ.સ.૧૮૭૬માં જ્યોતિબા પૂના નગરપાલિકાના સદસ્ય બન્યા. ત્યારબાદ સમાજ સુધારણાના કાર્યને વેગ મળ્યો. તેમણે પછાત અને અછૂત લોકોને માટે પેયજળની વ્યવસ્થા કરી. સાર્વજનિક પુસ્તકાલયના જરૂરી બાંધકામ માટે ભલામણ કરી. પૂના સરકારે નગરમાં શરાબની દુકાનો ખોલવાની પ્રસ્તાવ મૂક્યો. તો જ્યોતિબાએ તેનો સખત વિરોધ કર્યો.એકવાર વાઇસરોય પૂના આવવાના હતા ત્યારે તેમના સ્વાગત માટે ૧૦૦૦ રૂપિયા ખર્ચવાના પ્રસ્તાવનો વિરોધ કરી, તે રૂપિયા ગરીબ બાળકોના શિક્ષણ પાછળ વાપરવાનો પ્રસ્તાવ મૂક્યો. જ્યોતિબાએ સ્ત્રીઓ અને દલિતો માટે શિક્ષણ-પ્રસારનું કાર્ય કર્યું. તેમજ વિધવાઓના પુનર્વિવાહને કારણે તેમના સુખી જીવન માટેના કાર્યને વેગ મળ્યો.

જ્યોતિબા ફૂલે ખેડૂતો અને મજૂરોના અન્યાય સામે લડ્યા હતા. તેમણે કિસાનો અને મજૂરોને સંગઠિત કર્યા અને પોતાના હક્કો માટે જાગૃત કર્યા. ૨૩મી સપ્ટેમ્બર ૧૮૭૩ ના રોજ પૂનામાં મળેલા સાઇઠ જેટલા પ્રતિષ્ઠિત સમાજસેવકોએ એકત્ર થઇ સમાજમાં પરિવર્તન લાવવા માટે 'સત્ય શોધક સમાજ'ની રચના કરી. તેના સૌ પ્રથમ અધ્યક્ષ જ્યોતિબા ફૂલેને બનાવવામાં આવ્યા. 'સત્ય શોધક સમાજ'ના પ્રચારકો માથા ઉપર સાફો બાંધતા, ખભા ઉપર કંબલ રાખતા તેમજ હાથમાં ઢોલ રાખતા. ઢોલ વગાડીને લોકોને એકત્ર કરતા. પછી તેમને સ્ત્રીશિક્ષણ, દલિતશિક્ષણ, સાચો ધર્મ, સ્વદેશી વસ્તુઓનું મહત્ત્વ, વિવાહમાં ખર્ચ ન કરવો વગેરે બાબતો સમજાવતા હતા. સત્ય શોધક સમાજની સફળતાથી જ્યોતિબાનો ઉત્સાહ બેવડાયો. ઇ.સ.૧૮૭૬માં જ્યોતિબાએ 'દીનબંધુ' નામે સાપ્તાહિક શરૂ કર્યું. દુષ્કાળ વખતે સરકાર પાસે સહાયતા મેળવવા માટે તેમણે પ્રકાશિત કરેલ લેખનો સારો પ્રભાવ પડ્યો હતો.

જ્યોતિબાએ વીસ વર્ષની ઉંમરે સામાજિક કાર્ય શરૂ કર્યું હતું. ધીરે ધીરે ચાલીસ વર્ષ સુધી સંઘર્ષમય જીવન પસાર કર્યું. અનેક લોકોના વિરોધનો સામનો કરતા રહીને પણ પોતાનું લક્ષ ચૂક્યા નહિ. ૧૯ મે ૧૮૮૮ ના રોજ મુંબઇના કોલીવાડા હોલમાં મળેલી સભામાં જ્યોતિબાને 'મહાત્મા'ના બિરૂદથી નવાજવામાં આવ્યા. ત્યારબાદ જ્યોતિબાની તબિયત એકાએક બગડવા માંડી. ૨૭ નવેમ્બર ૧૮૮૯ ની રાતે બધા લોકો જ્યોતિબાની આજુબાજુ બેઠા હતા. સાવિત્રીબાઇ, પુત્ર યશવંત તથા અન્ય કેટલાક સ્નેહીજનોના ચહેરા ઊતરી ગયા હતા. જ્યોતિબાએ આંખો ખોલી, ઇશ્વરનું સ્મરણ કર્યું. પછી પાણી માગ્યું. પાણી પીને જ્યોતિબાએ કહ્યું - 'આ લોકમાં મારો સમય હવે પૂરો થયો ગયો છે. તમને દુ:ખ થાય એ સ્વાભાવિક છે, પરંતુ જેણે જન્મ લીધો છે તેનું મૃત્યુ પણ અવશ્ય થવાનું છે. અમારા પૂર્વજો આવીને ગયા. આજે હું જાઉં છું. કાલે તમે જશો. આમ આપણે બધાને જવાનું જ છે, માટે શોક શાનો ? તમે બધા સત્ય શોધક સમાજ માટે કામ કરતા રહો. હું તમારા હાથોમાં બહુમૂલ્ય કામ સોંપી રહ્યો છું. તેની પૂરેપૂરી સંભાળ રાખજો. મારો આત્મા પ્રત્યેક સંકટના સમયે તમારી સાથે રહેશે. હું આજીવન સત્ય માટે લડતો રહ્યો, તેથી આજે મને પૂર્ણ શાંતિ અને સંતોષ છે.' રાત્રિના બે વાગે જ્યોતિબાએ બધાને પ્રાર્થના કરવા કહ્યું. બે વાગીને વીસ મિનિટે જ્યોતિબાએ હંમેશને માટે આંખો બંધ કરી દીધી.

૨૯, ભગવતી બંગલોઝ, ટી.વી.કેન્દ્ર પાસે,
બનાસડેરી રોડ, પાલનપુર-૩૮૫૦૦૧ (મો) ૯૯૦૯૨ ૯૧૪૯૪

## ।। વિદ્યાવૃત્ત ।।

**સીવીએમયુ સંચાલિત એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ તથા મેટરનીટી હોમ ન્યૂ વિ.વિ.નગર ખાતે શરૂ થયેલ 'ગર્ભ સંસ્કાર કેન્દ્ર' :** સીવીએમયુ સંચાલિત એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ તથા મેટરનીટી હોમ ન્યૂ વિ.વિ.નગર, એડીઆઈટી કેમ્પસ, જીઆઈડી.સી પાછળ આવેલના પ્રસૂતિ તંત્ર સ્ત્રી-રોગ વિભાગ દ્વારા ગર્ભ સંસ્કાર કેન્દ્રની નિ:શુલ્ક પ્રવૃત્તિ દર મહિનાના પહેલા તથા ત્રીજા ગુરુવારે શરૂ કરેલ છે. આ પ્રવૃત્તિ સગર્ભા બહેનો તેમજ નિ:સંતાન દંપતી અને સ્વસ્થ બાળક ઈચ્છુક દંપતીમાં ગર્ભાધાન પહેલા અત્યંત ઉપયોગી છે. ગર્ભ સંસ્કાર પ્રવૃત્તિ અંતર્ગત તેમને યોગ્ય આહાર-વિહાર વિષે માહિતી આપવામાં આવે છે. યજ્ઞ, મંત્રોચ્ચાર યોગ, પ્રાણાયામ, મ્યુઝિક થેરપી પણ કરાવવામાં આવે છે. જે આવનાર બાળકના શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક સ્વાસ્થ્યને ઉત્તમ બનાવવામાં અત્યંત ઉપયોગી છે.ઉપરોક્ત નિ:શુલ્ક સેવાનો લાભ જરૂરિયાતમંદ લોકોને લેવા માટે સંસ્થાના ડાયરેક્ટર ડો. સી.એચ.બાબરીયા તથા હોસ્પિટલના એડમિનિસ્ટ્રેટર શ્રીમતી કીર્તિબેન પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## ।। આસ્વાદ ।।

## લાગણી વરસી પડે વરસાદમાં...મેગી અસનાની

**અલ્પેશ કળસરિયા**

હર્ષનાં આંસુ રડે વરસાદમાં,
લાગણી વરસી પડે વરસાદમાં.
ઘરમાં છું, પલળું છું, તારી યાદમાં,
બહાર તો પાણી નડે વરસાદમાં.
યાદમાં એની ઉદાસી ઘેરતી,
ને ખુમારી પણ ચડે વરસાદમાં.
ખ્યાલ આવે તો જ આ મોસમ વિષે,
જો અચાનક તું અડે વરસાદમાં,
ઊંઘ તો આવે નહિ પણ તે છતાં,
આંખને સપનાં જડે વરસાદમાં.

**મેગી અસનાની**

"વો તેરે નસીબ કી બારિશેં, કિસી ઔર છત પે બરસ ગઈ દિલે-બેખબર, મેરી બાત સુન ઉસે ભૂલ જા, ઉસે ભૂલ જા.."

**-ઉર્દૂ શાયર**

અહીં, દિલની આગળ બેખબર વિશેષણ ના હોય તો આ શેર ટકી શકે નહીં, આમ એક ઉમદા શેરમાં આવી ઝીણી કારીગરી હોય છે એનું અધ્યાપન પણ અનિવાર્ય છે. વરસાદનો અહીં પ્રતીકાત્મક ઉપયોગ થયો છે. ઉર્દૂમાં જ નહીં, અંગ્રેજી સાહિત્યમાં પણ 'રેઈન' એક સિમ્બોલ તરીકે ઉપયુક્ત છે. આમ જ સંસ્કૃત, પંજાબી, બંગાળી અને હિન્દી વગેરે તમામ ભાષાઓનું વરસાદનું નિરુપણ દરેક સર્જકોએ પોતાની આગવી સિધ્ધિઓથી મઢીને કર્યુ છે, કવિશ્રી રમેશ પારેખ તો કહે છેઃ

"ઓણુકા વરસાદમાં બે ચીજ કોરીકટ
એક અમે પોતે અને બીજો તારો વટ.."

**- કવિ રમેશ પારેખ**

હર્ષના આંસુ વડે વરસાદમાં,
લાગણી વરસી પડે વરસાદમાં.

પ્રણયનું ગીત સમસ્ત ગઝલમાં મુસલસલ સંભળાતું હોવા છતાં મત્લાનો આ શેર બીજો પણ એક ઈશારો કરી જાય છે. જે દિશામાં જીવનનું અખૂટ રેગિસ્તાન છે, જ્યાં એકલતાના થોર મોહરી ઊઠ્યાં છે. મેઘાને નીરખતાં જ એ લાગણી જ જાણે વરસી પડે છે ને જીવનનાં રણને ભીંજવી જાય છે ! જાણે વર્ષોથી જીર્ણ કોઈ શતાયુ નૈનને એક ઉત્તમ દશ્ય સાંપડી જાય છે, એક સારા પ્રસંગની પ્રતીક્ષામાં રહેલી જિંદગીને આંસુનો પરિચય છે તે તો આ નથી, કે જાણે એ પ્રસંગ સાંપડ્યો ત્યારે આંખમાં શબરીનાં બોર જેવાં મીઠાં અશ્રુઓ હોય ને એ વરસાદ પણ જાણે તેને ચાખી પોતાની જ જાત સમું પવિત્ર જળ ગણી છાતીએ ચાંપી બેસે ને જીવનમાં એ હર્ષાનંદ સહિયારો વરસે એવું એક મનોવૈજ્ઞાનિક ચિત્રણ અહીં રજૂ થયું છે જે આધુનિક સાહિત્યમાં જાણેઅજાણે બિંબાય છે પણ તેનો સંદર્ભ છેક સંસ્કૃત આચાર્યોનાં પ્રાચીન સાહિત્યમાં લંબાય છે, હકીકતે વરસાદ એ પ્રેમીઓ માટે ઉદ્દીપન વિભાવ બને છે. એવી લાગણી જે હજી તટસ્થ છે - દુન્યવી અને અલૌકિકમાં એ ભેદ નથી કરતી ને તેથી વરસાદ સ્વરૂપે વરસીને એની આત્મીયતા એકરૂપ થાય છે, વરસે ને આવા હર્ષાવસરે આંસુનો પુરાવો પ્રાસંગિક અનિવાર્યપણે હોવાનો કે લાગણીના દસ્તાવેજ પૂર્વે આંસુનાં બાનાખતમાં વરસાદ દસ્તખત કરીને જિંદગાની બહાલ કરે છે, માલામાલ કરે છે.

ઘરમાં છું, પલળું છું તારી યાદમાં,
બહાર તો પાણી નડે વરસાદમાં

આ શેર કેવળ કાબિલે-તારીફ નથી પણ તારીફે-કાબિલ છે, આ શેરમાં ઉમદા શેરીઅત લાવી જણાવે છે કે પલળવાં માટે માનવીને સ્થૂળ કે દુન્યવી વરસાદની પ્રત્યક્ષ પણ ગરજ નથી જ નથી, ખરો વરસાદ તો માનવની ભીતર છે, એ નિર્મળ સ્નેહ જ પ્રત્યેકને સાચા અર્થમાં ભીંજવી જાય છે. તેના અનેક રંગ છે. અહીં યાદનો રંગ તો પ્રતીક માત્ર છે, એના માધ્યમથી માનવીય મન અને હૃદયની અનેક લાગણીને અહીં પ્રતિનિધિત્વ મળ્યું છે, ટૂંકમાં, ગઝલકારોએ બાહ્ય અને ભીતર બંને વર્ષાનું તફાવતી અને ભાવનામય વર્ગીકરણ રજૂ કરી શેર સિદ્ધ કર્યો છે.

યાદમાં એની ઉદાસી ઘેરતી,
ને ખુમારી પણ ચડે વરસાદમાં

પ્રણયરંગે રંગાયેલી આ રચનામાં વિવિધ પ્રણયાવસ્થાઓનું નિરૂપણ સ્વાભાવિક છે, મેં અગાઉ પણ જણાવ્યું કે કાવ્યસર્જન અન્વયે કાવ્યનાયક, નાયિકાઓ યા કાવ્યપાત્રો


ISSN 0976-9609

માટે વર્ષાઋતુ શૃંગાર ઉદ્દીપન વિભાવયુક્ત પરિબળ છે, અને પ્રણયની એક મુખ્ય અવસ્થા પ્રતીક્ષા છે, વિરહ છે જેનું નિરૂપણ અહીં કવયિત્રી દર્શાવે છે કે વિરહની પીડા વ્યક્ત અને દૂર કરવા જાણે આંસુ નહીં પણ ગગન વરસી પડે છે, એમની ઉદાસીથી સમસ્ત આભ જામ બની વરસાદની ખુમારી ચડાવી જાય છે, અનાયાસે એક તરફ ઉદાસીનો તો બીજી બાજુ વરસાદનો નશો પ્રાપ્ત થાય છે. આ પણ પ્રેમીજનોની એક નાટ્યાત્મક અવસ્થા છે કે નરી વાસ્તવિક્તા છે, આમ આધુનિક સાહિત્યમાં અનાયાસે પણ વાસ્તવવાદી નિરૂપણશૈલી બિંબાય છે જે પણ આ શેરમાં જોઈ શકાય છે.

ખ્યાલ આવે તો જ આ મોસમ વિષે,
જો અચાનક તું અડે વરસાદમાં

વરસાદને વરસાદ વરસાદ નથી બનાવતો કોઈની મહેકતી યાદ... પ્રિય નાદ... કે લાગણીભીનો સાદ જ દરેક મોસમનો અહેસાસ કરાવી જાય છે,સંબંધોની હૂંફનો સ્પર્શ જ સૌને શ્વાસસભર બનાવે છે એ વગર વિવિધ શીર્ષકોથી મઢેલો સમય ન જાણી શકાય છે ન માણી શકાય છે અને ઘડિયાળના કાંટા સાથે કોઈ નિસબત નથી રહેતી. (આમ ઉમદા સર્જકોનાં કાવ્યમાં રોમેન્ટિસિઝમમાં ફિલાસોફીમાં રોમેન્ટિસિઝમ પણ હોય શકે છે એ પણ અહીં નોધવું રહ્યું)

ઊંઘ તો આવે નહિ પણ તે છતાં
આંખને સપનાં જડે વરસાદમાં

ઊંઘ અને સપનાં ને કાંઈ લેવાંદેવા નથી એમ કહી શાયરા અહીં શેર સિદ્ધ કરે છે, કવિતા બનાવે છે. એ તો દેખીતી જ વાત છે. કે ઊંઘ માટે સપનાંની જરૂર નથી અને સપનાં માટે ઊંઘની કોઈ દરકાર નથી. વર્ષાઋતુનાં ઉત્તમ વાતાવરણમાં જીવનનો સંદેશ છે, જિંદગી જીવવાની પ્રેરણા છે, એ અન્વયે પ્રણયભાવથી હટીને પ્રકૃતિનું માહાત્મ્ય પણ આ શેરમાં નિરૂપણ પામ્યું છે, આમ ગઝલ પ્રકૃતિનાં તત્ત્વથી પ્રણયભાવ પ્રગટીકરણ સુધી વિસ્તરી વળી પ્રકૃતિના મહિમાગાનમાં લીન થઈ દરિયાનાં મોજાંઓની જેમ સમુદ્રમય બની પૂર્ણતાને પામીને એક કૃતિલક્ષી આકાર આપોઆપ પામી છે.

આ ગઝલમાં કવયિત્રીની ભાષા સરળ અને સ્પષ્ટ છે, આ સિવાય છંદ, પ્રતીક, અલંકાર વગેરેના સુયોગથી ગઝલ ખીલી ઊઠી છે, આ જ નિપુણતા કવયિત્રીશ્રી મેગીબહેન અસનાનીને ઉમદા ગઝલસર્જકોમાં સ્થાન આપે છે તેમાં બેમત ના હોઈ શકે, ગઝલભાવકો થકી ઈશ્વરને પ્રાર્થના કરીને વિરમું છું કે એમની પાસેથી 'જાત સાથે વાત' સંગ્રહ આપણને અને ગુજરાતી સાહિત્યને પ્રાપ્ત થતાં રહે..વંદન !

૪૬, 'ચૈતન્યવિલા', આરાધના હોટેલની પાછળ,
ઈસ્કોન મંદિરની પાસે, લીલા સર્કલ નજીક,
સિદસર રોડ, ભાવનગર-૩૬૪૦૦૨
(મો) ૯૦૩૩૭૮૦૦૮૪

## ।। વિદ્યાવૃત્ત ।।

**આર.એમ.દેસાઇ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સમાં "મારી માટી મારો દેશ" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આર.એમ.દેસાઇ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ ખાતે ૯ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ''મારી માટી મારો દેશ'' માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમનુ આયોજન આચાર્યશ્રી ડો. ધીરુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ અંતર્ગત કોલેજ કેમ્પસ, કોલેજનો ગેટ, કોલેજનો હૉલ, પરિસર વગેરેને તિરંગાના રંગોથી સજાવવામાં આવ્યાં. સૂર, શબ્દ અને નૃત્યથી વિરાંજલી આપવામાં આવી.

દેશભક્તિના ગીતોની થીમ લઈ કથ્થક અને ભરતનાટ્યમની આઠ બહેનોએ ત્રણ નૃત્ય રજૂ કર્યા. ૨૨ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશભક્તિ/શૌર્યગીત રજૂ કરી દેશભક્તિનો માહોલ ઊભો કર્યો. ગિટારની વિદ્યાર્થિની કૃપાલીએ તિરંગાની હિસ્ટ્રીનો ઉલ્લેખ કરી તેના રંગો અને અશોક ચક્રનું મહત્ત્વ સમજાવ્યું. વોકલની વિદ્યાર્થિની નેહાએ તાજેતરમાં કાશ્મીર ખાતે શહીદ થયેલા મહિપાલસિંહ વાળાને તેમના પરિવારની દેશભક્તિની વાત કરી તેમને વિરાંજલી આપી હતી. કાર્યક્રમમાં કુલ ૩૨ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો. આચાર્યશ્રી ડો. ધીરુભાઈ દેસાઈએ સૌને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા, અને વિજેતાઓને પુરસ્કૃત કર્યા હતા. મેઘના પટેલે આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

**।। સાંપ્રત માહિતી ।।**

## જી-૨૦ દેશોની બેઠકોના લોગો વિશેની રસપ્રદ માહિતી

**ભાનુ એમ. પરમાર**

ભારતની વિદેશનીતિ વૈશ્વિક મંચ પર નેતૃત્વની ભૂમિકા નિભાવવા માટે પૂરજોશમાં વિકસિત થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ જી-૨૦ ની સફળ યજમાની કરી રહ્યું છે. ત્યારે જી-૨૦ નો લોગો સમગ્ર વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

જી-૨૦ ના લોગો યજમાન દેશ વૈશ્વિક સમુદાયને ધ્યાને રાખી પોતાની સંસ્કૃતિ અને બંધુત્વના ભાવને પ્રગટાવવા તૈયાર કરે છે. સભ્ય દેશો વચ્ચે પરસ્પર સહકાર તથા સાંસ્કૃતિક તાદાત્મ્ય સાધવા માટે યજમાન દેશ લોગોને સ્વરૂપ આપે છે. આવો જાણીએ અત્યાર સુધીની બેઠકના વિવિધ લોગો વિશેની રસપ્રદ વાતો.

ભારતના યજમાનપદ હેઠળની ૧૮ મી જી-૨૦ બેઠકના લોગોની વાત કરીએ તો જી-૨૦ લોગો ભારતના રાષ્ટ્રધ્વજના કેસરી, શ્વેત, લીલો અને વાદળી રંગોથી પ્રેરિત છે. આ લોગોમાં ભારતના રાષ્ટ્રિય ફૂલ કમળ પાસે પૃથ્વીનો ગ્રહ મૂકવામાં આવ્યો છે. જે પડકારો વચ્ચે વિકાસને પ્રતિબિંબિત કરે છે. લોગોમાં કમળ ભારતનો પૌરાણિક વારસો, વિશ્વાસ અને બૌદ્ધિકતા પણ સૂચવે છે. જ્યારે, કમળની સાત પાંખડીનું મહત્ત્વ સમજાવ્યું જે સાત ખંડો અને સંગીતના સાત સૂરો સૂચવે છે. જી-૨૦ ના લોગો નીચે "ભારત" લખવામાં આવ્યું છે. જે અત્યંત પૌરાણિક દેવનાગરી લિપિમાં લખાયેલું છે. અંતે જી-૨૦ નો ઉદ્દેશ્ય વિવિધતાને માન આપીને વિશ્વમાં સુમેળ લાવવાનો છે.

આ તો થઈ આપણા ભારતીય અધ્યક્ષતા માટે તૈયાર કરવામાં આવેલા લોગોની. આવો જાણીએ અત્યાર સુધી યોજાયેલી તમામ જી-૨૦ બેઠકના અધ્યક્ષ રાજ્યો દ્વારા એક મજબૂત સંદેશ સાથે રજુ કરવામાં આવેલા લોગો વિશે.

વર્ષ ૨૦૦૮ માં યુ.એસ.ના વોશિંગ્ટનમાં યોજાયેલી પ્રથમ જી-૨૦ બેઠકના લોગોમાં પૃથ્વીના ચિહ્ન નીચે ૨૦ બિંદુઓ એક હરોળમાં બેઠા હોય એવી આકૃતિ લોગોમાં દર્શાવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૦૯માં યુ.કે.ના લંડન શહેરમાં યોજાયેલી દ્વિતીય જી-૨૦ બેઠકમાં પૃથ્વી પર નવો સૂર્યોદય થયો હોય એવા ચિત્રને લોગો તરીકે નક્કી કરવામાં આવ્યું હતું. ફરી વર્ષ ૨૦૦૯માં વિશ્વમાં ૪૪૬ બ્રિજ સાથે સૌથી વધુ બ્રિજ ધરાવતા અને 'બ્રિજ સિટી' તરીકે ઓળખાતા યુ.એસ.ના પિટ્સબર્ગ શહેરમાં યોજાયેલ ત્રીજી જી-૨૦ સમિટમાં શહેરની વિશિષ્ટ ઓળખ બ્રિજની આકૃતિ સાથે પિટ્સબર્ગ સમિટ ૨૦૦૮ નો લોગો તૈયાર કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે વર્ષ ૨૦૦૯ ટોરોન્ટો કેનેડા ખાતે જી-૨૦ સમિટના લોગોમાં ટોરોન્ટો શહેરની આગવી ઓળખ એવા વિશ્વના સૌથી ઊંચા ફ્રી સ્ટેન્ડિંગ સ્ટ્રક્ચર એવા સી.એન. ટાવર સાથે મેપલના લાલ પાનને સ્થાન આપવામાં આવ્યું હતું.

બીજી તરફ વર્ષ ૨૦૧૦ની સાઉથ કોરિયાની સમિટના લોગોમાં સમુદ્ર પર ઊગતો સૂર્ય અને પરંપરાગત કોરિયન ફાનસ (ચુંગ-ચો-રોંગ) તેના રાષ્ટ્રધ્વજના રંગો લાલ અને વાદળી સિલ્ક શેડ સાથે સામેલ કરવામાં આવ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૧૦ ની જી-૨૦ ફ્રાન્સના લોગોમાં ફ્રાંસના ધ્વજના રંગે રંગાયેલ એફિલ ટાવર અને ઊગતો સૂર્ય લોગોમાં સ્થાન મેળવી ચૂક્યા છે. તેવી જ રીતે વર્ષ ૨૦૧૨ની મેક્સિકો બેઠકના લોગોને ત્યાંની પૌરાણિક મહત્ત્વ ધરાવતી 'ચિચેન ઈટ્ઝા' પિરામિડના એરિયલ વ્યુથી શણગારવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૩ ની જી-૨૦ બેઠકમાં રશિયાના રાષ્ટ્રિય ધ્વજના રંગોનું પ્રતિનિધિત્વ કરતો સર્જનાત્મક લોગો રજૂ કરાયો હતો.

વર્ષ ૨૦૧૪ ની વાત કરીએ તો નવમી જી-૨૦ બેઠક ઓસ્ટ્રેલિયાનો લોગો પરંપરાગત ઓસ્ટ્રેલિયન સંસ્કૃતિની ઝાંખી આપે છે. લોગો કોકોનટ પામ લીફ સ્વદેશી વણાટની પેટર્નથી પ્રેરિત છે. જેમાં ત્રિકોણ આકાર જી-૨૦ માં હાજરી આપનારા સભ્યો, આમંત્રિત મહેમાનો અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે કનેક્ટિંગ આકારો, રેઈન્બો સર્પન્ટ દંતકથાનું પ્રતિનિધિત્વ કરે છે. ધારી,

 ISSN 0976-9609

પરંપરાગત ટોરેસ સ્ટ્રેટ આઈલેન્ડર હેડ ડ્રેસને દર્શાવવા માટે વણાટમાં માછલીના આકારની રચના પણ જોવા મળી છે.

વર્ષ ૨૦૧૫નો તુર્કીનો જી-૨૦ પ્રેસિડેન્સી લોગોના દરેક ઘટકો તુર્કીનો બેજોડ સાંસ્કૃતિક વારસો દર્શાવે છે. લોગોમાં કલાસિકલ ટર્કિશ સંસ્કૃતિમાં, સુંદરતા, લાવણ્ય, સંપૂર્ણતા દર્શાવતા અને ઈસ્તંબુલનું મુખ્ય પ્રતીક એવા તુલીપને સ્થાન આપવામાં આવ્યું છે.

જ્યારે વર્ષ ૨૦૧૬ ચીન જી-૨૦ સમિટ માટેના લોગોમાં ૨૦ સ્તરવાળી રેખાઓનો સમાવેશ કરીને એક શૈલીયુક્ત બ્રિજનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે જૂથના ૨૦ સભ્યોનું એકબીજા સાથે જોડાયેલ હોવાનું દર્શાવે છે. જ્યારે જર્મની જી-૨૦ બેઠક ૨૦૧૭ ના એનિમેટેડ લોગોમાં રીફ ગાંઠ વિવિધ મુદ્દાઓ પરસ્પર જોડાયેલા હોવાનું જણાવે છે. અનાદિ કાળથી, દરિયાઈ મુસાફરીએ વેપાર, પરિવર્તન અને સ્થિરતાનું પ્રતીક છે. ખલાસીઓ રીફ ગાંઠને સ્થિર અને સ્થિતિસ્થાપક બાંધ તરીકે જાણે છે. જે તમામ જી-૨૦ ભાગીદારોના સહયોગથી આ વિશ્વને આકાર આપવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય દર્શાવે છે.

વર્ષ ૨૦૧૮ ની જી-૨૦ આર્જેન્ટિનાના આકર્ષક લોગોમાં રંગીન 'O' વિશ્વના વૈવિધ્ય પ્રદર્શિત કરે છે. જ્યારે જાપાનની અધ્યક્ષતામાં યોજાયેલ સમિટનો લોગો શૈલીયુક્ત ક્રાયસન્થેમમનાં ફૂલ મિત્રતા, સુખ અને કલ્યાણ તથા લાલ ચેરી અને ભૂરા રંગનું વૃક્ષ (વસંતઋતુ) નવસર્જન દર્શાવે છે. સાઉદી અરેબિયામાં યોજાયેલી વર્ષ ૨૦૨૦ની જી-૨૦ સમિટનો લોગો પરંપરાગત બેડૌઈન કાપડના રંગીન ફિલામેન્ટ્સથી પ્રેરિત છે અને દરેક રંગ ભાગ લેનારા દેશોના રંગો દર્શાવે છે.

વર્ષ ૨૦૧૯ ઈટાલીમાં યોજાયેલ જી-૨૦ સમિટની વાત કરીએ તો તેમના લોગોનો જન્મ લિયોનાર્ડો દા વિન્સીના પ્રખ્યાત "વિટુવિયન મેન" ચિત્રના પ્રતિબિંબમાંથી થયો હતો. લોગોમાં બે પ્રાથમિક ભૌમિતિક આકૃતિઓ છે જે લિયોનાર્ડોના ચિત્રમાં માનવ આકૃતિ ધરાવે છે. ચોરસ, કેન્દ્રીકરણ અને સ્થિરતાનું ચિહ્ન અને વર્તુળ, ગતિ અને નિરપેક્ષતાનું પ્રતીક દર્શાવે છે. લોગોમાં, વાદળી રંગનું ચોરસ ઈટાલીનું પ્રતિનિધિત્વ કરે છે. "2" એ વિશ્વની ઈટાલિયન ટાઈપોગ્રાફી બોડોનીની શ્રેષ્ઠતાને સમર્પિત છે. જ્યારે આધુનિકતાવાદી "O" દ્વારા સમકાલીન સંસ્કૃતિને નવું જીવન આપવાની પ્રેરણા આપે છે. જ્યારે "G" "જી" શાહી રોમ અને રાજધાનીના સાકેતિક સ્મારકોમાં એક ટ્રાજનના સ્તંભના પાયા પર કોતરવામાં આવેલા અક્ષરોથી પ્રેરિત છે.

જી-૨૦ ઈન્ડોનેશિયા ૨૦૨૨ અધ્યક્ષતાનો લોગોનો રંગ રાષ્ટ્રધ્વજના રંગથી પ્રેરિત છે. જ્યારે પરંપરાગત કાવુંગ ડિઝાઈન સંપૂર્ણતા, ન્યાય અને શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. જેમાં ગુનુનગન (માઉન્ટ-આકાર આકૃતિ) એકતાનું પ્રતીક છે અને કોરોના કાળ પછી આર્થિક પુનઃપ્રાપ્તિ તરફ અખંડિતતાનું સૂચન કરે છે.

સામાન્ય રીતે અત્યાર સુધીની બધી જી-૨૦ સમિટના લોગો પર નજર નાખીએ તો લોગોમાં જે તે દેશની સંસ્કૃતિ, માન્યતાઓ, પુરાતત્વીય અને શિલ્પ સ્થાપત્ય, શહેરની આગવી ઓળખ, વિચારધારા તથા લોગોના રંગોની પસંદગીમાં શાસન કરતા રાજકીય પક્ષ અથવા રાષ્ટ્રીય ધ્વજના રંગનું પ્રભુત્વ રહ્યું છે.

ઈન્ડોનેશિયા બાદ ભારત દેશે ૧૮મી જી-૨૦ સમિટની યજમાની સહર્ષ સ્વીકારી છે ત્યારે ભારત દેશની જી-૨૦ સમિટના યજમાન પદે જનભાગીદારીથી તૈયાર કરાયેલ લોગો દરેક ભારતીય માટે ગૌરવવંતો લોગો છે. ભારતીય અધ્યક્ષતા અન્વયે ૧૮ મી જી-૨૦ બેઠકના લોગો અનાવરણ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતુ કે જી-૨૦નો આ લોગો માત્ર એક પ્રતીક નથી. આ એક સંદેશ છે, તે એક લાગણી છે, જે આપણી નસોમાં દોડે છે, આ એક ઠરાવ છે, જે આપણા વિચારમાં સમાવિષ્ટ છે.

---

ઈન્ચાર્જ આચાર્ય
નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ,
વલ્લભવિદ્યાનગર

|| કારકિર્દી વિશેષ ||

## અગ્નિવીર ભાગ-૧

ભૌતિક એન. પટેલ

### શું છે અગ્નિવીર યોજના ?

૧૪મી મે, ૨૦૨૨ના રોજ કેબિનેટ સમિતિએ અગ્નિપથ યોજનાને મંજૂરી આપી હતી, જે સંરક્ષણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી એક પ્રાયોગિક પહેલ છે. આ યોજના દેશભરના યુવાનોને આર્મી, નેવી અને એરફોર્સ સહિત ભારતીય સશસ્ત્ર દળોની મુખ્ય શાખાઓમાં જોડાવાની તક આપે છે. આ પ્રોગ્રામ હેઠળ નોંધણી કરીને, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓ સૈન્યમાં સેવા આપવાનું તેમનું સપનું પૂર્ણ કરી શકે છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે અગ્નિપથ ભરતી યોજનાને લોન્ચ કરતી વખતે તેને ક્રાંતિકારી સુધારાનું પગલું ગણાવ્યું છે. જેમાં અગ્નિવીર યુવાનોને નાની ઉંમરમાં જ લશ્કરી તાલીમની સાથે સ્વરોજગાર માટે સક્ષમ બનાવવામાં આવશે. આ સમય દરમિયાન તેમને મોટો પગાર પણ મળશે.

### શા માટે અગ્નિવીર બનવું જોઈએ ?

દેશપ્રેમ અને દેશની સેવાની સાથે સાથે આ યોજના નવી યુવા પેઢીને ઘણાં લાભ પણ કરાવે છે. જેમકે દેશને એક શિસ્તબદ્ધ, અનુભવી અને કૌશલ્યયુક્ત તેજસ્વી યુવા આપશે તથા ડ્રગ્સ કે અન્ય એવા કોઈ ખોટા રસ્તે જતાં રોકશે. જે કોઈ દેશ માટે અને એક પરિવાર માટે ખૂબ જ જરૂરી છે.

દર વર્ષે ૨ વખત અગ્નિવીરની પરીક્ષા યોજાશે. જે અંતર્ગત સમગ્ર ભરતી પ્રક્રિયા બે તબક્કામાં યોજવામાં આવશે, જેમાં પ્રથમ તબક્કામાં ઓનલાઈન કોમ્પ્યુટર બેઝ MCQ પદ્ધતિથી લેખિત કસોટી (CEE-Common Entrance Examination) લેવામાં આવશે. ત્યારબાદ શારીરિક માપદંડોના કુલ માર્કસના આધારે મેરીટ લિસ્ટ બનાવીને ભરતી કરવામાં આવશે. અગ્નિવીર અંતર્ગત જનરલ ડ્યુટી, ટેકનિકલ, કલાર્ક, ટ્રેડસમેન જેવી વિવિધ જગ્યાઓ માટે મોટા પ્રમાણમાં ભરતી થવાની છે.

ત્રણેય સેવાઓ માટે નોંધણી ઓનલાઈન સિસ્ટમ દ્વારા કરવામાં આવશે જેની પાત્રતા વય ૧૭.૫ થી ૨૧ વર્ષની વચ્ચે હશે. અગ્નિવીર સશસ્ત્ર દળોમાં નોંધણી માટે સંબંધિત શ્રેણીઓ કાર્યોને લાગુ પડતી નિયત તબીબી પાત્રતાની શરતોને પૂર્ણ કરશે. વિવિધ કેટેગરીમાં નોંધણી માટે અગ્નિવીરોને શૈક્ષણિક લાયકાત સમાન રહેશે. ઉદાહરણ તરીકે, જનરલ ડ્યુટી સૈનિકમાં પ્રવેશ માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ છે.

### અગ્નિપથ યોજના હેઠળ અગ્નિવીર બનવા માટે યોગ્યતા માપદંડ :

૧. રસ ધરાવતા યુવાનો માટે ભારતીય નાગરિક હોવું જરૂરી છે.

૨. અરજદારની ઉંમર સાડા ૧૭ વર્ષથી ૨૧ વર્ષની વચ્ચે હોવી જોઈએ.

૩. અરજદાર ઉમેદવારે ઓછામાં અછા ૪૫% માર્કસ સાથે ૧૦મું કે ૧૨મું પાસ કરેલ હોવું જોઈએ.

૪. જો ઉમેદવાર ૧૦મું પાસ હશે તો તેમને તાલીમ દરમિયાન ધોરણ ૧૨નું શિક્ષણ પણ આપવામાં આવશે.

### સામાન્ય શૈક્ષણિક લાયકાત :

**૧. સામાન્ય લાયકાતઃ** ૮મું પાસ/૧૦મું પાસ/૧૨મું પાસ

૨. જેમાં જનરલ ડ્યુટી, અગ્નિવીરટેક, અગ્નિવીર ટેકનિકલ (એવીએશન)

**૩. અગ્નિવીર (સામાન્ય ફરજ) :** શિક્ષણ-ધોરણ ૧૦/ મેટ્રિકમાં કુલ ૪૫% ગુણ અને દરેક વિષયમાં ૩૩%

**૪. અગ્નિવીર (ટેકનિકલ) :** શિક્ષણ-ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને અંગ્રેજી સાથે વિજ્ઞાનમાં ૧૦+૨/મધ્યવર્તી પરીક્ષા એકંદરે ઓછામાં ઓછા ૫૦% અને દરેક વિષયમાં ૪૦% સાથે પાસ કરેલી હોવી જોઈએ.


ISSN 0976-9609

૫. **અગ્નિવીર કલાર્ક :** શિક્ષણ - કોઈપણ સ્ટ્રીમ (આટર્સ, કોમર્સ, સાયન્સ)માં ૧૦+૨ ઈન્ટર મીડિયેટ પરીક્ષામાં કુલ ૬૦% અને દરેક વિષયમાં ઓછામાં ઓછા ૫૦% સાથે પાસ કરેલી હોવી જોઈએ.

૬. **અગ્નિવીર ટ્રેડસમેન (૮ પાસ) :** ૩૩% થી વધુ માર્કસ સાથે ધોરણ ૮ પાસ કરેલું હોવું જોઈએ.

૭. **અગ્નિવીર (જનરલ ડ્યુટી) મિલિટરી પોલીસ કોર્પ્સમાં મહિલાઓ : શિક્ષણ–**ધોરણ ૧૦/મેટ્રિકમાં કુલ ૪૫% ગુણ અને દરેક વિષયમાં ૩૩% વ્યકિતગત વિષયોમાં ડી ગ્રેડ (૩૩%-૪૦%) ની ગ્રેડિંગ સિસ્ટમને અનુસરતા બોર્ડ માટે અથવા ગ્રેડની સમકક્ષ કે જેમાં ૩૩% અને સી-૨ ગ્રેડમાં અથવા ૪૫%ની સમકક્ષ હોય છે. ઉંમર-૧૭.૫/૨૧ વર્ષ

૮. જો ઉમેદવારે એન્જિનિયરિંગમાં ૩ વર્ષનો ડિપ્લોમા કોર્સ પૂર્ણ કર્યો હોય, તો તેઓ માટે ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ આવશ્યક છે.)

૯. જો ઉમેદવારે અન્ય વિષયોમાંથી ૧૨મું ધોરણ પાસ કર્યું હોય, તો તેણે ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ સાથે પાસ થવું જરૂરી છે. (અંગ્રેજી ભાષામાં ઓછામાં ઓછા ૫૦% ગુણ ફરજિયાત છે.)

૧૦. જો અરજદાર દ્વારા પ્રોફેશનલ કોર્સ ૨ વર્ષ માટે કરવામાં આવ્યો હોય, તો તેણે ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ મેળવ્યા હોવા જોઈએ. (અંગ્રેજી ભાષામાં ઓછામાં ઓછા ૫૦% ગુણ ફરજિયાત છે.)

**અગ્નિવીરોનો પગાર અને વેતન નીચે મુજબ હશે :**

એ. વર્ષ-૧ કસ્ટમાઈઝ્ડ પેકેજ-રૂ.૩૦,૦૦૦/- (વત્તા લાગુ પડતા ભથ્થાં.)

બી. વર્ષ-૨ કસ્ટમાઈઝ્ડ પેકેજ-રૂ.૩૩,૦૦૦/- (વત્તા લાગુ પડતા ભથ્થાં.)

સી. વર્ષ-૩ કસ્ટમાઈઝ્ડ પેકેજ-રૂ.૩૬,૫૦૦/- (વત્તા લાગુ પડતા ભથ્થાં.)

ડી. વર્ષ-૪ કસ્ટમાઈઝ્ડ પેકેજ-રૂ.૪૦,૦૦૦/- (વત્તા લાગુ પડતા ભથ્થાં.)

તેમજ અન્ય સૈનિકોને મળતા તમામ ભથ્થાનો લાભ મળશે. ૪૮ લાખ રૂપિયાનું વીમા કવર પણ આપવામાં આવશે, જે અગ્નિવીરના મૃત્યુની સ્થિતિમાં તેના પરિવારને આપવામાં આવશે.

ચાર વર્ષમાં પગાર કાપથી કુલ બચત લગભગ રૂ ૫.૦૨ લાખ થશે. સરકાર આ ફંડમાં પણ એટલી જ રકમ નાખશે. એટલે કે પીએફની જેમ બેવડો ફાયદો થશે. આ રકમ પર વ્યાજ પણ મળશે. ચાર વર્ષમાં સેલેરી કટ સાથે સરકારની બચત અને યોગદાન બંને મળીને લગભગ રૂ ૧૦.૦૪ લાખ થશે. આ રકમ આવકવેરા મુક્ત હશે. આ રીતે ચાર વર્ષ પછી, અગિનવીરોને માસિક પગાર ઉપરાંત સર્વિસ ફંડ પેકેજમાંથી ૧૦.૦૪ લાખ રૂપિયાની રકમ આપવામાં આવશે. જેમાં વ્યાજ અલગથી ગણીને આપવામાં આવે છે. સેવા નિધિ પેકેજ કરમુક્ત ગણાશે. આમ આશરે ૨૨-૨૩ લાખ જેટલી રકમ કુલ તેમને મળવાપાત્ર બનશે.

એક્સ આર્મીમેનને મળવાપાત્ર લાભો જેવા કે પેન્શન કે અન્ય ભથ્થાઓ કે સ્વાસ્થ્ય સેવા સંબંધિત લાભો અગ્નિવીરને મળવાપાત્ર નથી. જો કોઈ અગ્નિવીર ચાર વર્ષ બાદ સ્થાઈ કમિશનનો ભાગ બને છે તો તેને પેન્શન જેવા અન્ય લાભો પણ મળવાપાત્ર બનશે.

**રજાઓની જોગવાઈ :**

૧. સામાન્ય રજા : દર વર્ષે ૩૦ દિવસની રજા

૨. સ્વાસ્થ્ય સંબંધિત રજા : ડોક્ટરની સલાહ પ્રમાણે

**પરીક્ષામાં ભાગ લેવાની સંપૂર્ણ પદ્ધતિ :**

૧. www.joinindianarmy.nic.in પર ઉમેદવારોએ ફોર્મ ભરવાનું રહે છે.જેની અંદર ગુજરાત રાજ્યમાં ARO (Army Recruiting Office) એટલે કે બે મુખ્ય સ્થળો કે જે મખ્ય સ્થળો કે જે અમદાવાદ અને જામનગર. જે ભરતી પ્રક્રિયાનું મુખ્યાલય છે. જ્યાંથી ગુજરાતના ઉમેદવારોની ભરતી પ્રક્રિયાનું  સંચાલન થાય છે. કોઈપણ સમસ્યાના નિરાકરણ માટે તમે આ બંને ઓફિસનો સંપર્ક કરી શકો છો.

આ ફોર્મ ભરતા સમયે તમારે તમારા જિલ્લાના આધારે ફળવાયેલા એ.આર.ઓ.અમદાવાદ કે જામનગરમાંથી કોઈપણ એક ARO નો ઉલ્લેખ કરવાનો હોય છે. ત્યારબાદ તમારી આખી ભરતી પ્રક્રિયા આ ARO પરથી સંચાલિત થશે. ફી : ૨૫૦/- રૂપિયા (ઓનલાઈન SBI ની સાઈટ પર ભરવાની રહેશે.)

**ગુજરાત :**

૧. **આર્મી રિક્રુટીંગ ઓફિસ, અમદાવાદનું કાર્યક્ષેત્ર :** બરોડા, અમદાવાદ, ખેડા, સુરત, વલસાડ, ભરૂચ, મહેસાણા, સાબરકાંઠા, આણંદ, દાહોદ, નર્મદા, નવસારી, પંચમહાલ, ડાંગ, બનાસકાંઠા, ગાંધીનગર અને તાપી જિલ્લાઓ, દમલ (કેન્દ્રશાસિત દેશ) અને દાદરા અને નગર હવેલી UT)

૨. **આર્મી રિક્રુટીંગ ઓફિસ, જામનગરનું કાર્યક્ષેત્ર :** રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, પાટણ, જૂનાગઢ, ભુજ, સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લાઓ. દીવ (કેન્દ્રશાસિત પ્રદેશ)

ફોર્મ ભર્યા બાદ ૧-૨ મહિનામાં પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવે છે. દરેક એ.આર.ઓ. પ્રમાણે અલગ અલગ દિવસે પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. જેના પ્રવેશપત્ર તમારે ઓનલાઈન ડાઉનલોડ કરવાના રહેશે.

જે આ વર્ષ એટલે કે ૨૦૨૩ થી નવી ભરતી પ્રણાલી પ્રમાણે પહેલા સામાન્ય પ્રવેશ પરીક્ષા લેવાશે જો તેમાં પાસ થશો પછી શારીરિક માપદંડો આધારિત પરીક્ષા લેવાશે જેમાં દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, પુલ અપ્સ વગેરેનો સમાવેશ થાય છે.

(વધુ આવતા અંકે)

---

Assi.Professor of Politics and
International Relations.
ILSASS College &
Coordinator of H.M.Patel Career
Development Centre.
CVM University

---

Alone we can do so little; together we can do so much.
**Helen Keller**

It is far better to be alone, than to be in bad company.
**George Washington**

Solitude vivifies; isolation kills.Share this
**Joseph Roux**

Loneliness adds beauty to life. It puts a special burn on sunsets and makes night air smell better.
**Henry Rollins**

 ISSN 0976-9609

**|| જ્ઞાન-વિજ્ઞાન વિશેષ ||**

## ચંદામામા બસ એક ટુર (Tour) કે....

**ઉર્વીશ છાયા**

"ઈન્ડિયા ઈઝ ઓન ધ મૂન" ઈસરોના પ્રમુખ એસ. સોમનાથે ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ ના ઐતિહાસિક દિને સાંજે ૬:૦૪ મિનિટે ચંદ્રયાન-૩ ના વિક્રમ લેન્ડરની ચંદ્રના દક્ષિણ ધ્રુવે ઉતરાણની પુષ્ટિ કરી ત્યારે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈસરોના વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોને અભિનંદન પાઠવતાં કહ્યું કે "ચંદામામા અબ દૂર કે નહિ રહે, ચંદામામા અબ તો બસ એક ટુર કે હૈ." ત્યારે સમગ્ર રાષ્ટ્રના સામાન્યજનના માનસમાં હર્ષ અને ગર્વની લાગણી સાથે ઉત્સાહ વ્યાપી ગયો.

ભારતના મૂન મીશનની સફળતાના શ્રી ગણેશ ઈસરોના વૈજ્ઞાનિકોએ ખૂબ જ ઓછા સંસાધનોથી કર્યા હતા. પરંતુ તે સમયે ચંદ્રયાન-૧ નામકરણ થયેલ ન હતું. ચંદ્રયાન-૨ પ્રોજેકટની શરૂઆત બાદ તેને ચંદ્રયાન-૧ તરીકે ઓળખવામાં આવ્યું જેની આખા વિશ્વએ નોંધ લીધી. પરંતુ ચંદ્રયાન-૨ જ્યારે નજીવા અંતરથી ચંદ્રની સપાટીને સ્પર્શવાનુ ચૂકી ગયું ત્યારે આ મહત્વાકાંક્ષી સ્વપ્ન તો તૂટ્યું જ પણ સાથે તૂટી કરોડો દેશવાસીઓની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ. ચંદ્રયાન-૨ ની આ નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને ઈસરોએ ચંદ્રયાન-૩ માં ૨૧ જેટલા ફેરફારો કર્યા જેમાં ઓર્બિટરના પોપલ્શન મોડ્યુલમાં ફેરફાર તથા પાંચને ચાર થ્રોટલ એન્જિનનો સમાવેશ તથા લેન્ડર વિક્રમ (વજનઃ૧૭૫૨ કિગ્રા, લંબાઈ ૪.૫ મીટર) ના પગને સફળ લેન્ડિંગ માટે જે વધુ મજબૂતી બક્ષવામાં આવી તેને મુખ્ય ગણી શકાય. વધુમાં આ લેન્ડર દક્ષિણ ધ્રુવની જટિલ ભૌગોલિક પરિસ્થિતિને પારખી લેન્ડિંગ વખતે યોગ્ય નિર્ણય લઈ શકે તે માટે અત્યાધુનિક અમદાવાદના સ્પેસ એપ્લીકેશન સેન્ટર ખાતે તૈયાર થયેલ લેન્ડર પોઝીશન ડીટેકશન કેમેરા પણ અપગ્રેડ કરી લગાવવામાં આવ્યા જેણે સોફ્ટ લેન્ડિંગ નિશ્ચિત કરી આપ્યું જ્યારે રોવર પ્રજ્ઞાન (વજન : ૨૬ કિગ્રા, લંબાઈ ૬.૫ મીટર) ને એટલું મજબૂત બનાવવામાં આવ્યું કે તે તેના સોફ્ટવેર દ્વારા અંતરિક્ષમાં જોખમી જગ્યાની જાણકારી એકત્ર કરવામાં તથા અન્ય પૃથ્થકરણમાં પણ મહત્વનો ભાગ ભજવવા સક્ષમ બન્યું.

ચંદ્રયાન-૩ આમ તો ચંદ્રયાન-૨ નું ઉત્તરાધિકારી મિશન કહી શકાય LVM-3 M-4 લોન્ચ વ્હીકલ દ્વારા લોંચ થયેલ ચંદ્રયાન-૩ મીશનથી ચંદ્રના દક્ષિણધ્રુવ પર પાણી કે બરફ હોવાના પૂરાવાઓ મળી શકશે, ચંદ્રમાની સપાટી અને તેની સંરચના વિષેની માહિતી પ્રાપ્ત થઈ શકશે તથા ચંદ્રના ગુરુત્વાકર્ષણ અને વાયુમંડળ વિષે અભૂતપૂર્વ જાણકારીઓ પ્રાપ્ત થવાની સંભાવના છે.

ચંદ્રયાન-૩ની સફળતાએ ભારતને અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રમાં અગ્રિમ હરોળમાં તો સ્થાન અપાવ્યું જ છે પણ સાથ સાથે એક વિકાસશીલ રાષ્ટ્ર હોવા છતાં તેના તકનીકી કૌશલ, વૈજ્ઞાનિક ક્ષમતાનો પરિચય વિશ્વને કરાવ્યો છે અને અંતરિક્ષ અનુસંધાન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી છે જે ભવિષ્યમાં અન્ય ઈન્ટરપ્લેનેટરી મીશન ક્ષેત્રે ઈસરોના મહત્વનાં પ્રોજેક્ટસ માટે ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

ચંદ્રયાન-૩ની સફળતા માટે સમગ્ર દેશમાં જે રીતે સામાન્ય જનમાસમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે તે જોતાં એવું પ્રતિત થાય છે કે ક્રિકેટ અને બોલીવુડથી આજનું જનમાનસ ઘણું ઉપર ઉઠી ચૂક્યું છે અને વૈજ્ઞાનિક સર્જનાત્મકતાને વધાવી રહ્યું છે, પોંખી રહ્યું છે. ત્યારે ખરેખર એમ લાગે છે કે આ એક બદલાતા ભારતની, નવા ભારતની તસવીર છે.

ચંદ્રયાન-૩ના ચંદ્રની સતેહ પર સફળતાપૂર્વક લેન્ડિંગ થયું તેની સાથે સાથે આજની યુવાપેઢીમાં પણ વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિત જેવા વિષયોમાં કારકિર્દી બનાવવાના સપનાઓનું પણ સફળ લેન્ડિંગ થયું જ હશે. તેવી અશા સાથે આવનારા વર્ષોમાં આ નવી પેઢી વેદ અને વિજ્ઞાનના સમન્વયથી ભારતને વિશ્વગુરુ બનાવવાની દિશામાં આગેકૂચ કરે તેવી મનોકામના સેવીએ.

"જયવિજ્ઞાન, જય અનુસંધાન"

અધ્યક્ષ, માઈક્રોબાયોલોજી વિભાગ
એનવીપાસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર
(મો) ૯૮૨૫૪૦૯૩૯૮

|| સંસ્થા પરિચય ||

**CVM Higher Secondary Education Complex (Science Stream), V.V.Nagar**

Vijaybhai H Dhandhalya

Introduction :

CVM HIGHER SECONDARY EDUCATION COMPLEX, SCIENCE STREAM (popularly known as RPTP), was established in June 1976 by CHARUTAR VIDYA MANDAL(CVM), the Public Charitable Trust founded in 1945. Sri Rajratna Purushottamdas Patel, a native of Nar,Taluka -Petlad was the main donor of the building of this higher secondary education complex situated near Shastri Maidan in Vallabh Vidyanagar, District- Anand, Gujarat. This is a grant-in- aid education Complex providing education in science stream with the lowest fees. The syllabus decided by GSHEB is being taught here with the most experienced teachers.

**Vision :**

To provide excellent science education by fostering a happy and caring environment where students will recognise and achieve their potential so that they can make their best contribution to society.

**Mission**

To impart quality education of science subjects along with developing human values by fulfilling the social and emotional needs of students who are in a critical adolescent period of their lives.

**Objectives**

To encourage and enable students to develop inquiring minds and curiosity about science and nature.

To help students acquire knowledge, conceptual understanding and skills to solve problems and make decisions in scientific contexts.

**About the school**

This is the largest higher secondary education complex in Gujarat providing education in science stream in both English and Gujarati medium. The school is equipped with 30 classrooms and 6 laboratories for science practicals in Chemistry Physics and Biology along with one full-fledged library. There are 20 divisions of standard 11 and 12 (8 divisions are of English medium and 12 of Gujarati medium) .46 teachers are educating around 1200 students (boys and girls) coming from all over Gujarat to shape their career in the

 ISSN 0976-9609

field of science and technology. Students are free to choose Group A, Group B or Group AB after they get admission on merit decided by school based on the total marks of maths and science in standard 10.

A variety of seminars, workshop and cultural programmes are organised throughout the year for all-round development of students. Visits of several institutions providing higher education after 12 science are arranged at regular intervals so as to make the students aware of the higher courses.

**Facility of a star batch**

Those students who secured more than 85% of marks in science subjects are included in star batch. They are taught and dealt with according to their level and encouraged to improve their score in a tension free atmosphere.

**Need based teaching for weak students**

Students who find it difficult to pass in the exam or to score minimum marks are kept apart to teach them according to their needs. Teachers adopt such students for the year and do their counselling again and again in order to help them secure passing marks in the board examinations.

**Constant evaluation**

Weekly and monthly tests are arranged to evaluate students' progress. Chapter wise tests are held for each subject thereby leading them towards final exam of complete syllabus. The result of these tests develop their confidence and so they are inspired to study more and more to score in the next test.

**Conclusion**

Thus, as mentioned in this article the school is determined to educate the students as per the need of an hour. All the students, teachers and principal feel very proud and fortunate to be here in this education complex managed by Charutar Vidya Mandal.

---

**I/C Principal**
CVM Higher Secondary Education
Complex, Science Stream
Vallabh Vidyanagar

## સીવીએમ હોમસાયન્સમાં રક્તદાન શિબિર યોજાઈ :

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ હાયર સેકન્ડરી, હોમ સાયન્સ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઇ પટેલ, એસ.એમ.પટેલ કોલેજ ઑફ હોમ સાયન્સના પ્રિન્સિપાલ ડો. ભાવનાબેન ચૌહાણ, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડિરેક્ટરશ્રી બ્રિજેશભાઇ પરીખ, ચેરમેનશ્રી હેમંતભાઇ પટેલ, ડો. દેવેન્દ્ર સચદેવા તથા જયનાબેન પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓના વાલીઓ તથા સ્ટાફ મિત્રોએ રક્તદાન કર્યું હતું. ઉપપ્રમુખશ્રી મનીષભાઇ પટેલે શાળાની વિદ્યાર્થિનીઓ તેમજ વાલીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યા શ્રીમતી આશાબેન બી.પટેલના માર્ગદર્શન હેઠળ શાળા પરિવારના સહકારથી કરવામાં આવ્યું હતું.

## ગો.જો.શારદામંદિર (માધ્યમિક) કલા ઉત્સવ-QDC કક્ષાએ સિદ્ધિ :

GCERT ગાંધીનગરના માર્ગદર્શનમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ, આણંદ દ્વારા પ્રતિભા સંપન્ન બાળકોની કલાને નિખારવાના ભાગરૂપે "કલા ઉત્સવ : ૨૦૨૩-૨૪"માં QDC કક્ષાએ આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શાળાશિક્ષક યુગ્મા શર્મા અને મહેન્દ્ર શર્માના માર્ગદર્શન હેઠળ ગાયન સ્પર્ધામાં અદિતી સરગરા 'પ્રથમ, બાળકવિ-ત્વિષા દવે, દ્વિતીય તથા ચિત્ર સ્પર્ધામાં મિશા હડિયા તૃતીય વિજેતા બની શાળાને ગૌરવ અપાવેલ છે. શાળાના ઇ.આચાર્યા કેતનાબેન પરમાર તથા સ્ટાફ પરિવારે વિદ્યાર્થિનીઓને અભિનંદન તથા શુભેચ્છા પાઠવેલ છે.

## ગો.જો.શારદામંદિર, પ્રાથમિક વિભાગ કારગિલ વિજય દિવસની ઉજવણી :

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદા મંદિર, પ્રાથમિક વિભાગમાં કારગિલ વિજય દિવસની ઉજવણી નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાની ૫૦ એનસીસી કેડેટ્સે ભાગ લીધો. સેકન્ડ ઓફિસર રેશ્મા પરમારે કારગિલ વિજય દિવસ અંગે વક્તવ્ય આપ્યું હતું અને બે મિનિટનું મૌન પાળી યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.શાળાના આચાર્યા જિગીશા શાહ તથા ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન કમાન્ડિંગ ઓફિસર કર્નલ નટરાજન સરના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીશ્રી જો.સેક્રેટરીશ્રી પ્રિ.આર.સી.તલાટી સરનું માનવમૂલ્યો પર એચ.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં વ્યાખ્યાન યોજાયું :

એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચના વિભાગ દ્વારા બી.એડ. (ઇંગ્લિશ) માં માનવ મૂલ્યો પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચારુતર વિદ્યામંડળના જોઇન્ટ સેક્રેટરી શ્રી ડો. આર.સી.તલાટી સાહેબ દ્વારા માનવ મૂલ્યો વિષય પર ખૂબ સુંદર વ્યાખ્યાન આપ્યું હતું.

માનનીય શ્રી તલાટી સાહેબે વિવિધ ઉદાહરણો રજૂ કરીને ખૂબ અગત્યના માનવ મૂલ્યોની વાત કરી હતી. જેમાં તેઓશ્રીએ "વેદના તો વહી જશે, સૌંદર્ય તો શાશ્વત છે", સત્યની સૌથી મોટી ખૂબી એ છેકે તેને યાદ રાખવું પડતું નથી." જેવા અનેક ઉત્તમ વિધાનો દ્વારા સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. "ક્રિયાત્મક વેદાંત"ના ઉદાહરણ દ્વારા તેઓશ્રીએ સમાજ સેવા માટે સૌને પ્રેરણા આપી હતી. આમ, ભવિષ્યના થનાર શિક્ષકો માટે માનવ મૂલ્યો કેમ અગત્યના છે તે બાબતે તેઓશ્રીએ ધારદાર રજૂઆત કરી હતી અને તાલીમાર્થીઓને શ્રેષ્ઠ નાગરિક બનવાના આશીર્વાદ આપ્યા હતા.

સંસ્થાના કા.આચાર્યશ્રી ડો. મયુર પરમાર દ્વારા તલાટી સાહેબનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. સંસ્થાના અધ્યાપકશ્રીઓ ડો.મૌનસ ઠાકર, ડો. રજનીકાન્ત ડોડીયા, મીસ કોમલ મેકવાને આ પ્રસંગે ઉપસ્થિત રહીને સાહેબના આશીર્વચન મેળવ્યા હતા. તલાટી સાહેબના આ માર્ગદર્શક વ્યાખ્યાન બદલ મીસ કોમલ મેકવાન દ્વારા સંસ્થા વતી તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી – સામાન્ય પ્રવાહની અન્ડર-૧૭ ફૂટબોલ** ટીમે સ્વામી વિવેકાનંદ સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ-બાકરોલ તાબે રામપુરા મુકામે યોજાયેલી ૬૨ મી સુબ્રોતો કપ ફૂટબોલ ટુર્નામેન્ટમાં સ્પોટ્ર્સ ટીચર રાજેશભાઇ મેકવાનના માર્ગદર્શન હેઠળ ભાગ લઇ ફાઇનલમાં વ્રજભૂમિ ઇન્ટરનેશનલ સ્કૂલની ટીમ સામે ૪-૦


ISSN 0976-9609

થી જીત મેળવી જિલ્લા કક્ષાએ ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી. આ ટીમ હવે તા.૪ થી ૭ ઓગસ્ટ દરમિયાન ગોધરા મુકામે રમવા જશે. ટી.વી.પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ શાળા પરિવાર અને પ્રિ.વિજયકુમાર સુથારે સ્પોર્ટ્સ ટીચર રાજેશભાઇ મેકવાન અને ફૂટબોલ ટીમના ખેલાડીઓને અભિનંદન સહ રાજ્ય કક્ષાએ વિજેતા થવા શુભેચ્છાઓ પાઠવી હતી.

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી અને વી.૧૩ ગુજરાત એન બટાલિયન સી.સી., વલ્લભ વિદ્યાનગર યુનિટના સંયુક્ત ઉપક્રમે ૨૬ જુલાઇ ૧૯૯૯ ના દિવસને કારગીલ વિજય દિવસ તરીકે ઉજવવાના ભાગરૂપે એનરાજેન્દ્રસિંહ ઝાલા અને લેડી ઓફિસર મીસ પેટવિસા ઓફિસર લેફ.સી.સી. તાલીમાર્થી યજ્ઞેશ જોશીના માર્ગદર્શન હેઠળ આજરોજ એડ.માહિડા અને બી.ના માનદ મંત્રી એમ.વી.સમીપ શહીદ ચોક ખાતે સી. સરદાર પટેલ યુનિ પટેલ જી.એસ.ડો.એન. સી.સી.૧૩ બટાલિયનના મેજર કુરાભાઇ પટેલ, શાળાના પ્રિકેડેટ્સે શહીદોને પુષ્પમાળા અર્પણ કરી. સી. સી. વિજયકુમાર સુથાર અને એન. હતી, આ પ્રસંગે યોજાયેલી રેલી સીવીએમની ઓફિસે પહોંચતા સીવીએમ ઉપપ્રમુખ શ્રી મનીષભાઇ પટેલ, સહમંત્રી શ્રી વિશાલભાઇ પટેલ, સહમંત્રી પ્રિ.રમેશભાઇ તલાટી સાહેબ ઉપસ્થિત રહ્યા. ડો.એસ.જી.પટેલ સાહેબે શહીદોને યાદ કરી અને બહેનોને દેશની કેડેટ્સ અને શાળાના વિદ્યાર્થી ભાઇઓ સી.સી.સરહદોને સુરક્ષા માટે પ્રાણોની આહુતિ આપનાર સૈનિકોના જીવનમાંથી માતૃભૂમિની સેવા કરવાની શીખ મેળવવા આહ્વાન કરી અભિનંદન પાઠવ્યા હતા.

**ગો.જો.શારદા મંદિરમાં /(માધ્યમિક વિભાગ) દેશભકિત ગીત સ્પર્ધા યોજાઈ.:** ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગર (માધ્યમિક વિભાગ)માં વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી સ્વતંત્રતા દિવસની ઉજવણીના કાર્યક્રમ હેઠળ દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ધો-૯ અને ધો-૧૦ની ૩૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર સ્પર્ધાઓનું આયોજન યામિનીબેન પટેલના માર્ગદર્શન હેઠળ બી.એડના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો-૯ અને ધો-૧૦માં પ્રથમ ક્રમે જીયા મારવાડી અને રિદ્ધિ ગોંડલિયા અને દ્વિતીય ક્રમે અદિતિ સરગરા અને નેન્સી જોશી તથા તૃતીય ક્રમે વૃંદા દવે અને ભૂમિકા મકવાણા આવ્યા હતા.

આ કાર્યક્રમમાં યામિનીબેન પટેલ અને નિમિષા મકવાણા એન્કર તરીકે અને તન્વી સેડલીયા અને મિત્તલ રોહિત નિર્ણાયક તરીકે તથા નિતિન વસાવા અને ગાયત્રી સોલંકી સ્પર્ધાના આયોજક તરીકે ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમના અંતે શાળાના ઈન્ચાર્જ આચાર્યાશ્રી કેતનાબેન પરમારે વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કર્યા તથા વિજેતાઓને શુભકામનાઓ પાઠવી.

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થીએ વાર્ષિક ૫૦ લાખ રૂનું પેકેજ મેળવ્યું :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એન્જિ. ડિપાર્ટમેન્ટના વર્ષ ૨૦૨૩ ના સ્નાતક વિદ્યાર્થી તીર્થ સુથારે Zomato માં Software Development Engineer Level-1૫૬ પર પસંદગી પામીને વાર્ષિક ૫૦ લાખ રૂા. નું સર્વાધિક પેકેજ મેળવ્યું છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે સંસ્થા તેના વિઝન પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પ્લોયેબલ ઇનોવેટિવ એન્જિનીયર્સ વિથ કોર વેલ્યુઝ પર સતત પ્રયત્નશીલ છે. બીવીએમ ખાતે અલગ અલગ ટેકનિકલ ચેપ્ટર્સ વિદ્યાર્થીઓની ટેકનિકલ સ્કિલ માટે ઘણા ઉપયોગી થાય છે તથા ચોથા વર્ષમાં ઇન્ડસ્ટ્રીઅલ ઇન્ટર્નશીપએ ઇન્ડસ્ટ્રી તથા ઇન્સ્ટિટયૂટ વચ્ચેની ગેપ ઘટાડવામાં મદદરૂપ થાય છે. અત્રે ઉલ્લખેનીય છે કે વર્ષ ૨૦૨૨માં બીવીએમની ઇલેક્ટ્રોનિક્સ એન્જિ.ની વિદ્યાર્થિની મેઘા રાજપતૂએ Googleમાં વાર્ષિક ૫૪ લાખ રૂા. નું પેકેજ મેળવ્યું હતું. આ પ્રસંગે આઈ.ટી એન્જિ.ના વડા ડૉ.કેયુર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે આઈ.ટી એન્જિ. ડિપાર્ટમેન્ટ ખાતે કાર્યરત ચેપ્ટરે તીર્થની કોમ્પિટિટિવ પ્રોગ્રામિંગ સ્કિલડેવલપ કરવામાં ઘણી મદદ કરી હતી તથા તેના પ્રોજક્ટે મેન્ટર ડૉ.વત્સલ શાહે તીર્થને પ્રોજક્ટમાં જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. સંસ્થા ખાતે ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ કોર્ડિનેટર પ્રો.મેહુલ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

આ સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ

એન્જિનીયર ભીખુભાઇ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ ના પ્રથમ વર્ષ બી.ટેકના વિદ્યાર્થીઓ માટે ઇન્ડક્શન ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો.**

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સીટીના પ્રેસિડેન્ટ એન્જિનીયર ભીખુભાઇ પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ વર્ષ બી.ટેકના વિદ્યાર્થીઓ માટે અતંર્ગત ઇન્ડક્શન ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો. જેનો ઉદ્દઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલ, ડૉ.વિનય જે. પટેલ (ડીન, એકેડેમિક્સ,બીવીએમ ),બીવીએમ દરેક વિભાગીય વડાઓ, બીવીએમ સેન્ટ્રલ કમિટીના વાઇસ પ્રેસિડેન્ટ્સ ડૉ.ભાર્ગવ ગોરડિયા તથા પ્રો.અમિત ભાવસાર, પ્રોગ્રામ કન્વિનર ડો.તૃપ્તિ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સૌનું અભિવાદન કર્યું હતું તથા જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીના રૂરલ ટ્રાન્સફોર્મેશન તથા સરદાર પટેલના યુથ ડેવલપમેન્ટ વિઝન તથા ઘનશ્યામદાસજી બિરલાના અનુદાનથી બીવીએમની સ્થાપના ૧૪ જૂન ૧૯૪૮ના રોજ થઈ. ચારુતર વિદ્યામંડળના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અવિરતપણે પ્રયત્નશીલ એવી બીવીએમમાં તેના સ્થાપના કાળ દરમ્યાન ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા જેમને ૩૦ જેટલા અધ્યાપકો શિક્ષણ આપતા હતા આજે ૩૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા ૩૦૦ વધુ અધ્યાપકો તથા કર્મચારીઓ કાર્યરત છે. ઔદ્યોગિક, સામાજિક, રાજકીય તથા શિક્ષણ ક્ષેત્રે પૂરા વિશ્વમાં બીવીએમના ૨૦૦૦૦ થી વધુ એન્જિનિયર્સ કાર્યરત છે જે બી.વી.એમનો મુદ્દાલેખ "વર્ક ઇઝ વર્શિપ"નું સમર્થન કરે છે. ટ્રાન્સપરન્ટ એજ્યુકેશનલ ગવર્નન્સ ધરાવતી બીવીએમ એ રાજ્યની પ્રથમ ઓટોનોમસ સંસ્થા છે તથા મોટાભાગના કોર્સીસને NBA દ્વારા એક્રેડિએશન મળેલ છે NAAC દ્વારા A ગ્રેડ પ્રાપ્ત થયેલ સંસ્થા છે. સંસ્થા ખાતે વર્લ્ડ બેંક પ્રોજક્ટે TEQIP-II તથા TEQIP-III નું સફળ ઈમ્પ્લીમેન્ટેશન થયેલ છે તથા આઉટકમ બેઝડ એજ્યુકેશન માટે વોશિંગ્ટન એકોર્ડને અનુસરે છે. ૮૦ થી વધારે ઇન્ડસ્ટ્રી તથા ૧૨ જેટલી વિદેશની યુનિવર્સિટી સાથે થયેલ એમ.ઓ.યુ અંતર્ગત ઈન્ડસ્ટ્રીલ પ્રોજેક્ટ, ઇન્ટર્નશિપ, આઈ.ઈ.પી જેવા પ્રોગ્રામ્સ વિદ્યાર્થીઓને ઇન્ડસ્ટ્રીઅલ તથા ગ્લોબલ એક્સપોઝર મળી રહે તે માટે હાથ ધરવામાં આવે છે. સંસ્થા ખાતે ટેકનિકલ એક્ટિવિટિઝ જેવી કે વર્કશોપ, ઇન્ટરનેશનલ કોન્ફરન્સ,સેમિનાર,એક્સપર્ટ ટોક, ઇન્ડસ્ટ્રીઅલ વિઝિટ એ ISTE, IEEE, IEI, CSI, TRS, WDC, NPTEL, GDC, SAE, NPTEL, Code Chef ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ, III સેલ અતંર્ગત તથા કલ્ચરલ એક્ટિવિટિઝ NCC, NSS એ સોશિઅલ એક્ટિવિટિઝ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ ઉપરાંત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી (SSIP) એ વિદ્યાર્થીઓને ઇનોવેટિવ પ્રોટોટાઇપ,પ્રુફ ઓફ કન્સેપ્ટ, સ્ટાર્ટ અપ માટે ફંડ પૂરું પાડે છે. આ ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સંસ્થા ખાતે સ્ટેટ ઓફ આર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા લેબ ઉપલબ્ધ છે જે NIT તથા IIT જેવું રિસર્ચ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને આપે છે. સંસ્થાના ૬૮% થી વધુ અધ્યાપકો PhD ની પદવી ધરાવે છે. બીવીએમના અધ્યાપકો માટે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું એ સમાજની સેવા છે તથા તેના દ્વારા રાષ્ટ્રના ઘડતરમાં અનેરું યોગદાન છે.

આ પ્રસંગે પ્રોગ્રામ કોર્ડિનેટર ડો.તૃપ્તિ દેસાઈએ જણાવ્યું હતું કે ઉપરોક્ત ઇન્ડક્શન પ્રોગ્રામનો મૂળભૂત ઉદ્દેશ્ય પ્રથમ વર્ષ બી.ટેક્ના વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક તથા ઉર્જાવાન એવા બીવીએમના વાતાવરણનો પરિચય કરાવાનો,એકેડેમિક તથા પ્રવૃત્તિઓમાં સ્કિલ ડેવલપમેન્ટ માટે રસ જાગૃત કરવાનો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓનો સંવાદ સાધવાનો તથા વિદ્યાર્થી-ઓમાં મોરલ વેલ્યુઝ તથા હ્યુમન વેલ્યુઝ કેળવાય તેનો છે.

ઉપરોક્ત ઇન્ડક્શન ટ્રેનિંગ પ્રોગ્રામમાં બ્રીજીંગ બીટવીન સ્કૂલ એન્ડ કોલેજીસ, સ્ટુડન્ટ સપોર્ટ સિસ્ટમ તથા સ્કોલરશીપ, હ્યુમન વેલ્યુઝ ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ, NPTEL કોર્સીસ તથા સ્ટ્રક્ચર, SC/ST સેલનું કાર્ય, GATE એક્ઝામ તથા તેનું માળખું, એકેડેમિક રેગ્યલેશન તથા એક્ઝામિનેશન, સેલની પ્રવૃત્તિઓ, યોગા તથા મેડિટેશનનું મહત્ત્વ, ડિસ્કવર યોર સેલ્ફ, પ્રોફાઈલ બિલ્ડીંગ ફોર સક્સેસ, ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ અંતર્ગત પ્રવૃત્તિઓ, પબ્લિક સ્પીકિંગ, જેન્ડર ઇકવીટી તેનું મહત્ત્વ અને બંધારણીય જોગવાઈ, NCC, NSS અંતર્ગત પ્રવૃત્તિઓ જેવી કે સ્વચ્છ્તા અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પસ માય કેમ્પસ ક્લીન કેમ્પસ અંતર્ગત પ્રવૃત્તિઓ,


ISSN 0976-9609

વોકેબ્યુલરી બિલ્ડીંગ, લર્નિંગ રીસોર્સીસ તથા બીવીએમ સેન્ટ્રલ લાયબ્રેરી,બીવીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના એક્સપર્ટ ટૉક તથા મોટિવેશનલ સેશન, સોફ્ટસ્કીલ ડેવલપમેન્ટની પ્રવૃત્તિઓ SSIP અંતર્ગત પ્રવૃત્તિઓ, Ideathon, Chat GPT તથા તેની એપ્લિકેશન્સ,ઇન્ટરનેટ એડિક્શન, સરદાર પટેલ હાઉસ તથા મેમોરિયલ, અમુલ ચોકલેટ પ્લાન્ટ, રહીનો મશીન્સ તથા પૃથ્વી એન્જીનીયરીંગ, GIDC, VUNagar જેવા સ્થળોએ વિદ્યાર્થીઓની વિઝિટ જેવી પ્રવૃત્તિઓ આવરી લેવામાં આવી હતી.

ઉપરોક્ત પ્રોગ્રામને સફળ બનાવવા માટે પ્રોગ્રામ કન્વિનર ડૉ.તૃપ્તિ દેસાઈ તથા કોર્ડિનેટર ડૉ.મુકેશ સિંપીના માર્ગદર્શન હેઠળ ઇન્ડક્શન પ્રોગ્રામ કમિટી મેમ્બર્સ તથા સ્ટુડન્ટ વોલ્યુન્ટર્સ દેવ, હેમાંગી તથા બીવીએમ સેન્ટ્રલ કમિટિના અન્ય વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી. ઉપરોક્ત ઇવેન્ટ માટે દરેક વિભાગીય વડાઓ, ડિપાર્ટમેન્ટ ઇવેન્ટ કોર્ડિનેટર્સ તથા સેશન એક્સપર્ટસ તથા અધ્યાપકોનો અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનીયર ભીખુભાઈ પટેલ તથા હોદ્દેદારોએ શુભેચ્છા પાઠવી હતી.

**ગો. જો. શારદા મંદિરમાં /(માધ્યમિક વિભાગ) આત્મરક્ષા કાર્યક્રમ યોજાયો.**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગર (માધ્યમિક વિભાગ)માં વિદ્યાર્થિનીઓ સ્વ-બચાવ કરી શકે તેના ઉપલક્ષ્યે આત્મરક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધો-૯ ની ૧૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત બી.એડના પ્રશિક્ષણાર્થી નિતિન વસાવાએ આત્મરક્ષાની બેઝિક ડિફેન્સ તકનીકો શીખવવા માટે નેશનલ લેવલ પર પોતાની કોલેજનું પ્રતિનિધિત્વ કરનાર અનુષ્કા ગૌતમ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના મ.શિક્ષક નવીનભાઈ બરંડાએ અનુષ્કા ગૌતમને પુસ્તકરૂપી સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું તથા તન્વી સેડલીયાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં શાળાના સુપરવાઈઝર યામિનીબેન પટેલ તથા આચાર્યાશ્રી કેતનાબેન પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમ એમ. બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના પ્રશિક્ષણાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું.

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં આઝાદીના અમૃતપર્વની વર્ષભર ઉજવણી નિમિત્તે તા.૯ થી ૧૫ ઓગષ્ટ દરમિયાન "મેરી મિટ્ટી મેરા દેશ" અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમોની ઉજવણી અંતર્ગત આજરોજ શાળાના કલાશિક્ષક ડૉ.ખન્નાપ્રસાદ અમીનના માર્ગદર્શન હેઠળ શહીદવીરોને વંદન તથા ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૬ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. દેવ મનીષભાઈ પંચાલ-પ્રથમ, તનુષ પાઠક-દ્વિતીય જ્યારે સિદ્ધાર્થ મહેન્દ્રભાઈ લુહાર-તૃતીય ક્રમે વિજેતા થયા હતા. પ્રિ.વિજયકુમાર સુથારે સૌ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

**સી.વી.એમ. યુનિવર્સિટી, ઇન્ટર કોલેજ બેડમિન્ટન (ભાઈઓ અને બહેનો) સ્પર્ધા, ૨૦૨૩-૨૪નો ઉદ્‌ઘાટન સમારંભ :** ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિતિ રહેલા મુખ્ય મહેમાન ચારુતર વિદ્યામડંળના ચેરમેન ઈ.ભીખુભાઇ પટેલ, અતિથિ વિશેષ માનદ સહમંત્રી શ્રી મેહુલભાઈ, ડૉ. હેમંત અંતાણી, શ્રી રમેશભાઈ પાઠક, પ્રાવોસ્ટ સી.વી.એમ. યુનિવર્સિટી ડૉ.હિમાંશુ સોની તથા સ્પોર્ટ્સ કમિટીના ચેરમેન ડૉ. કિરણભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૦ અને ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સી.વી.એમ.યુનિવર્સિટી ઇન્ટર કોલેજ બેડમિન્ટન (ભાઈઓ અને બહેનો) સ્પર્ધાનું આયોજન એચ.એમ.પટેલ બેડમિન્ટન હોલ, વિદ્યાનગર ખાતે કરવામાં આવ્યું. જેમાં સી.વી.એમ.ની યુનિવર્સિટી ભાઈઓ વિભાગમાં ૧૦ અને બહેનો વિભાગમાં ૧૦ ટીમોએ (કુલ ૧૧૦ ખેલાડીઓએ) ભાગ લીધો હતો. રમતના ઉદ્‌ઘાટન સમારંભમાં ચેરમેન ઈ.ભીખુભાઇ પટેલ અને ડૉ. હેમંત અંતાણીએ રમતવીરોને ખેલદિલીપૂર્વક રમવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.



## Charutar Vidya Mandal, Vallabh Vidyanagar

### Secondary & Higher Secondary Schools Board Exam Result March & July : 2023

| Sr. No. | Name of School | Appeared in Exam | Pass | Fail | Grade | | | | | | | | Total Pass | School Result % | Board Result % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | A1 | A2 | B1 | B2 | C1 | C2 | D | July | | | |
| | **Secondary Section** | | | | | | | | | | | | | | |
| 1. | I. B.Patel English School (GIA) | 225 | 199 | 26 | 1 | 29 | 41 | 60 | 44 | 14 | 0 | 10 | 199 | 88.44 | 64.62 |
| 2. | I. B.Patel English School (SF) | 77 | 71 | 6 | 5 | 22 | 18 | 15 | 11 | 0 | 0 | 0 | 71 | 92.21 | 64.62 |
| 3. | G.J.Sharda Mandir School | 219 | 189 | 30 | 3 | 16 | 33 | 45 | 49 | 22 | 0 | 21 | 189 | 86.30 | 64.62 |
| 4. | M.U.Patel Technical High School | 202 | 108 | 94 | 0 | 7 | 6 | 17 | 34 | 25 | 3 | 16 | 108 | 53.47 | 64.62 |
| 5. | S.D.Desai High School | 71 | 31 | 40 | 0 | 1 | 0 | 5 | 4 | 4 | 1 | 16 | 31 | 43.66 | 64.62 |
| 6. | V & C Patel School | 111 | 111 | 0 | 13 | 32 | 34 | 18 | 21 | 02 | 0 | 0 | 111 | 100.00 | |
| | **Total** | **905** | **709** | **196** | **22** | **107** | **132** | **160** | **163** | **67** | **4** | **63** | **709** | **78.34** | **78.34** |
| | **Higher Secondary** | | | | | | | | | | | | | | |
| 1. | R. P. T. P. Higher Secondary (Science Stream) | 507 | 381 | 126 | 0 | 9 | 38 | 69 | 89 | 122 | 47 | 7 | 381 | 175.15 | 65.58 |
| 2. | S. M. Patel Higher Secondary (Home Science) | 84 | 72 | 12 | 0 | 5 | 13 | 21 | 22 | 10 | 0 | 1 | 72 | 85.71 | 73.82 |
| 3. | T.V.Patel Higher Secondary (Commerce-Arts Stream) | 354 | 327 | 27 | 0 | 9 | 44 | 62 | 109 | 71 | 18 | 14 | 327 | 92.37 | 73.22 |
| 4. | V & C Patel School (Sci.) | 105 | 102 | 3 | 10 | 22 | 32 | 35 | 04 | 01 | 02 | 0 | 102 | 97.14 | |
| | **Total** | **1050** | **882** | **168** | **10** | **45** | **127** | **187** | **224** | **204** | **67** | **22** | **882** | **84.00** | |


ISSN 0976-9609

# ભારતની સ્વતંત્રતાના ૭૭મા વર્ષની ઉજવણી ૧૫મી ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ચારુતર વિદ્યામંડળ કાર્યાલય વલ્લભ વિદ્યાનગર ખાતે કરવામાં આવી હતી.











ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ.ભીખુભાઈ બી. પટેલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહીદો તથા આઝાદીના લડવૈયાઓને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિ. ભીખુભાઈ બી. પટેલ તથા માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું અને સર્વેને સ્વતંત્રતા દિનની શુભેચ્છાઓ પાઠવી હતી. વી. પી. એન્ડ આર. પી.ટી.પી. સાયન્સ કોલેજના એન.સી.સી. વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ શિસ્તબધ્ધ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી મેહુલ ડી. પટેલ, શ્રી વિશાલ એચ. પટેલ, સીવીએમ યુનિવર્સિટીના પ્રવોસ્ટ ડૉ. હિમાંશુ સોની તથા સીવીએમ યુનિવર્સિટીના પદાધિકારીઓ, ચારુતર વિદ્યામંડળ સંચાલિત શાળાઓ / કોલેજો /સંસ્થાઓ તથા સીવીએમ યુનિવર્સિટી ઘટક (Constituent) કોલેજોના આચાર્યશ્રીઓ / વડાશ્રીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.


સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જે.કે.ચૌહાણ તથા શ્રી એમ.એમ. મોરેકર દ્વારા કરવામાં આવ્યું હતું.


BOOK POST

September 2023

V-Vidyanagar 25 (9)
Published on 05/09/2023
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month


Lunar far side area as imaged from the Lander Hazard Detection and Avoidance Camera (LHDAC) onboard Chandrayaan-3 on August 19, 2023

Chandrayaan-3 is the third Indian lunar exploration mission under the Indian Space Research Organisation's Chandrayaan programme. It consists of a lander named Vikram and a rover named Pragyan, similar to those of the Chandrayaan-2 mission.

(Source: google)


**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )